સુવિચાર
ઘડિયાળ કાંડા પર હોય છતાં કેટલીક વ્યકિતને આજકાલ સમયની કોઈ જ કિંમત નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૯/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૨૨૫


## અમરેલી જિલ્લાને આઝાદીનાં ૭૬ વર્ષ બાદ લાંબા અંતરની રેલ્વે સેવા પ્રાપ્ત

# વેરાવળ-બનારસ રેલ્વેનું વડિયા, કુંકાવાવ, ચિતલ ખાતે ઉષ્માભેર સ્વાગત

**સાંસદ કાછડીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા તેમજ ગામે ગામ ભાજપનાં આગેવાનો સ્વાગત કાર્યક્રમમાં જોડાયા**

**પવિત્ર શ્રાવણ માસનાં છેલ્લા સોમવારે કાશીનગરી સુધીની રેલ્વે શરૂ થતાં ખૂશીનો માહોલ**

**દરિયાકાંઠે આવેલ વેરાવળ સોમનાથથી કાશીનગરી સુધી જવા માટે ઉત્તમ સુવિધા પ્રાપ્ત થઈ**

**લોકસભાની ચૂંટણીમાં બ્રોડગેજ રેલ્વેનો મુદ્દો ઉછળે તે પહેલા જ કેન્દ્રની ભાજપ સરકારે સુવિધા આપી દીધી**



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાનાં લોકોની માંગણી અન્વયે સાંસદ નારણભાઈ કાછડીયા તરફથી કરવામાં આવેલ પ્રયાસોનાં ફળ સ્વરૂપે ભારત સરકારના રેલ મંત્રાલય તરફથી વેરાવળ–બનારસ એકસપ્રેસ ટ્રેનને તા. ૧૧મી સપ્ટેમ્બરથી ચલાવવા માટેની મંજૂરી મળતા લોકોમાં ખૂશીની લાગણી પ્રસરી ગયેલ હતી.

મંજૂર થયેલ ટ્રેન આજે વેરાવળ (સોમનાથ)થી સવારે ૪:૧૫ કલાકે ઉપડી અમરેલી જિલ્લાનાં કુંકાવાવ ખાતે સવારે ૭:૧૫ કલાક, ચિતલ ખાતે સવારે ૭:૪૫ કલાક, ખીજડીયા ખાતે સવારે ૮:૦૦ કલાક અને લાઠી ખાતે સવારે ૮:૧૩ કલાકે પહોંચેલ હતીસ. આ દરમ્યાન સાંસદ, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, જિલ્લા મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, એન.સી.યુ.આઈ ડીરેકટર ભાવનાબેન ગોંડલીયા, સ્થાનિક પદાધિકારીઓની હાજરીમાં ટ્રેનનું સ્વાગત કરી ટ્રેનને લીલી ઝંડી આપી આગલા સ્ટેશન માટે ટ્રેનનું પ્રસ્થાન કરાવેલ હતું. આ દરમિયાન સ્થાનિક લોકો ધ્વારા પણ ટ્રેનનું ભવ્યતિભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું અને આગેવાનો ધ્વારા કુંકાવાવથી

અનુસંધાન પાના ૬ ઉપર

## વાડી વિસ્તારમાં ૭ થી ૮ અજાણ્યા શખ્સોનું કારસ્તાન

# અમરેલીનાં માંગવાપાળ ગામે તરૂણીનું લાફા મારીને અપહરણ કરવામાં આવ્યું

અમરેલી, તા. ૧૧

અમરેલી નજીક આવેલ માંગવાપાળ ગામ નજીક આવેલ વાડી વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતિય પરિવાર વાડીમાં આવેલ એક ફર્જામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ–ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૬૦૧, ૨૨૧૯૩૮
ઈ–મેઈલ : ajmsbank@yahoo.co.in

### સૂચનાપત્ર

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૩મી વાર્ષિક સાધારણ સભા આગામી **તા. ૨૪/૦૯/૨૦૨૩ ને રવિવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે નવી અમર ડેરીના મેદાનમાં, ધારી રોડ, અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.**

**: એજન્ડા :**

૧. ગત તા. ૧૧/૦૯/૨૦૨૨ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ (પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના તા.૩૧/૦૩/૨૦૨૩ આખરનાં બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજુર રાખેલ નફા–નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના સને ૨૦૨૨–૨૦૨૩ ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના સને ૨૦૨૦–૨૦૨૧ તથા ૨૦૨૧–૨૦૨૨ ના નાણાકીય વર્ષના કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના સને ૨૦૨૨–૨૦૨૩ ના નાણાકીય વર્ષના હિસાબોનું સ્ટેચ્યુટરી ઓડીટ શ્રી સંજીવ આર. દોશી, એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૧–૨૦૨૨ ના નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) ના ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૨–૨૦૨૩ ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૨–૨૦૨૩ ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેકટ્રોનીક ડેટા પ્રોસેસીંગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદી જુદી કમીટીઓ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.
૧૦. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખસ્થાનેથી અન્ય જે કાંઇ રજુ થાય તે.

**નોંધ :–**
(૧) બેંકના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૩૦ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.
(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરીને બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.
(૩) સને ૨૦૨૨–૨૦૨૩ ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.

**: બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે :**

સ્થળ :– હેડ ઓફીસ, અમરેલી.
તારીખ :– ૦૮/૦૯/૨૦૨૩

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
**(બી.એસ. કોઠીયા)**
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.

## દિવ ઘોઘલાનો પરિવાર ગોંડલથી પરત ફરતો હોય

# સાજીયાવદર ગામનાં પાટીયા નજીક કાર વૃક્ષ સાથે અથડાતાં બે મહિલાનાં મોત

**કાર ચાલક અને અન્ય મુસાફરોને ઈજા પહોંચી**



અમરેલી, તા. ૧૧

ઘોઘલા (દીવ) ગામે રહેતો પરિવાર ગઈકાલે બપોરના સમયે પોતાના હવાલા વાળી સ્વીફટ ફોરવીલ ગાડી નંબર ડીડી–૦૨–જી–૦૯૭૭ વાળી લઈને પરિવારના સભ્યો સાથે ગોંડલથી દિવ પોતાના ઘર તરફ આવતા હતા ત્યારે અમરેલી ચલાલા રોડ ઉપર આવેલ સાજીયાવદર ગામના પાટીયા પાસે પહોંચતા કાર ચાલકે પોતાના હવાલાવાળી સ્વીફટ ગાડી પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી ગાડી ઉપરનો પોતાનો કાબુ ગુમાવી દેતા ફોર વ્હીલ ગાડી રોડની સાઈડમાં આવેલી લીમડાના ઝાડ સાથે ભટકાવી દેતા આ વાહન અકસ્માતમાં બે મહિલાને ગંભીર ઈજા થતા તેમના મોત

અનુસંધાન પાના ૬ ઉપર


બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
Since 1986
તક માત્ર બાર ખખડાવી શકે, દરવાજો તો આપણે જ ખોલવો પડે ....
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166



LG
5 વધારાના ફાયદા સાથે
સૌથી સસ્તાની ગેરંટી*






મફત વિમો ૧ વર્ષ માટે
22.5%
Combo Offers
તાત્કાલિક DELIVERY
REFER OFFER
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77
*Conditions apply


## અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

"અમર ડેરી" અમર ત્રીભેટો, ધારી રોડ, અમરેલી.

ક્રમાંક/અમર/એડી/એમ.ડી./
તારીખ : ૦૯/૦૯/૨૦૨૩

### સૂચનાપત્ર

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના શેર હોલ્ડર્સને તથા સૂચિત દૂધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દૂધ સંઘની ૨૧મી વાર્ષિક સાધારણ સભા આગામી તારીખ ૨૪/૦૯/૨૦૨૩ ને રવિવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે અમર ડેરી, નવા ડેરી પ્લાન્ટ, ધારી રોડ અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.

**: એજન્ડા :**

૧. ગત તારીખ ૧૧/૦૯/૨૦૨૨ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લેવા બાબત.
૨. દૂધ સંઘનું તા. ૩૧/૦૩/૨૦૨૩ આખરનું નિયામક મંડળ તથા ઓડીટર દ્વારા પ્રમાણિત કરેલ સરવૈયુ, નફા–નુકશાન ખાતાના હિસાબો અને અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. એકઝીકયુટીવ કમિટી અને અન્ય કમિટીઓ દ્વારા તા. ૦૧/૦૪/૨૨ થી ૩૧/૦૩/૨૩ સુધી કરાયેલ કામગીરીને બહાલી આપવા બાબત.
૪. નિયામક મંડળે કરેલ ભલામણ મુજબ સને ૨૦૨૨/૨૦૨૩ ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૫. દૂધ સંઘના સને ૨૦૨૨/૨૦૨૩ નો ઓડીટ મેમો તથા દુરસ્તી રીપોર્ટ વંચાણે લેવા બાબત.
૬. સને ૨૦૨૩/૨૦૨૪ના વર્ષનું બજેટ મંજુર કરવા બાબત.

**નોંધ :–**
૧. દરેક જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ સંઘની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો વાર્ષિક ઠરાવ કરી દૂધ સંઘને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે લાવવી.
૨. દૂધ સંઘના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચૂંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯–૪૫ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી.

**(બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે)**


સ્થળ :– અમર ડેરી, અમરેલી.

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
**ડો. આર.એસ. પટેલ**
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી – અમરેલી

### માતા પાસે સૂતેલી બાળકીને ઉઠાવી ગઈ હતી

# બગસરાનાં હાલરીયા પાસેથી બે ખૂંખાર સિંહણ પાંજરે પુરાઈ

### બાળકીનાં પરિવારને ૫ લાખની સહાય ચૂકવાઈ



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાના હાલરીયા ગામે એક પરપ્રાંતિય શ્રમિક પરિવારની સાડા પાંચ વર્ષીય બાળકી ઉપર સિંહણે હુમલો કરી તેણીને ફાડી ખાનાર સિંહણ પાંજરે પુરાઈ હતી. આ ઉપરાંત હાલરીયા પાસેથી જ એક બીજી સિંહણને પણ પાંજરે પુરવામાં આવી છે. આમ બંને ઝડપાયેલ સિંહણને જુનાગઢ સક્કરબાગમાં રીફર કરીને તેના રિપોર્ટ અને બ્લડ સેમ્પલ લેવાયા હતા. રિપોર્ટ આવ્યા બાદ કઈ સિંહણ માનવભક્ષી છે તે નક્કી થશે.

બગસરા તાલુકાનાં હાલરીયા ગામે પરપ્રાંતિય શ્રમિક પરિવારની સાડા પાંચ વર્ષીય બાળકી ઉપર સિંહણે હુમલો કરી તેણીને ફાડી ખાધાના બનાવની જાણ થતા સરકાર દ્વારા આ પર પ્રાંતીય શ્રમિક પરિવારને વન વિભાગ દ્વારા માત્ર ૨૪ કલાકમાં જ પાંચ લાખનું વળતર ચૂકવવામાં આવ્યું છે. હાલરીયા ગામે તે હેતુ પરપ્રાંતીય મજૂરની આશરે પાંચ વર્ષની સોનું નામની બાળકીને માતાની પાસે સુતેલી હોય ત્યારે સિંહણ દ્વારા હુમલો કરી તેણીને ફાડી ખાધાની ઘટનાને લઈ વન વિભાગે સિંહણને ઝડપી લેતાં લોકોએ હાશકારો લીધો છે.

### ગાય પકડવા બાબતે ટોળા એકઠા થયા બાદ

# અમરેલીમાં ૪ વર્ષ પહેલા થયેલ ડબલ મર્ડર કેસમાં બે આરોપીને આજીવન કેદની સજા

### અન્ય આરોપીઓને ૧ વર્ષથી લઈને ૭ વર્ષની સજા

અમરેલી, તા. ૧૧

અમરેલીમાં ગત તા. ૧૧/૧૧/૧૯નાં રોજ પાલિકા ધ્વારા ગાય પકડવાની કામગીરી દરમિયાન ગાય પકડાવી દેવાનાં મનદુઃખે અમરેલીનાં સોમનાથ મંદિર પાસે બધા ભેગા થયા હતા. ત્યારે બોલાચાલી થતાં અને ઉશ્કેરાટ ઉભો થતાં સામસામી મારામારી થતાં બે વ્યકિતને ગંભીર ઈજાથી મોત થયા હતા. તે અંગેનો કેસ ચાલી જતાં બે આરોપીને આજીવન કેદ તથા રોકડ રકમનાં દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં અમરેલીમાં ગત તા. ૧૧/૧૧/૧૯નાં રોજ ગાય પકડવાની પાલિકા ધ્વારા ઝૂંબેશ ચાલતી હોય. જે અનુસંધાને અમરેલીનાં સોમનાથ મહાદેવ મંદિર પાસે પશુપાલકો એકઠા થયા હતા. ત્યારે ઉગ્ર બોલાચાલી થતાં સામસામી મારામારી થતાં આ બનાવમાં ગોવિંદભાઈ રામભાઈ તથા કરશનભાઈ નનુભાઈનાં મોત નિપજયા હતા.

આ બનાવ અંગે સીટી પોલીસમાં સામસામી ફરિયાદ નોંધાતા જે પૈકી એક કેસમાં સરકારી વકિલ મમતાબેન ત્રિવેદીની સેશન્સ કોર્ટે દલીલ માન્ય રાખી આરોપી રામકુભાઈ વાઘાભાઈ રાતડીયાને આઈપીસી કલમ ૩૦૪, ૩૨૩, ૩૨૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ નીચે આજીવન કેદ તથા રૂા. ૧,૦૧,૦૦૦નો દંડ જયારે આરોપી સંગ્રામભાઈ ઉર્ફે સગરામભાઈ નારણભાઈ ઉર્ફે નારૂભાઈ રાતડીયાને આઈપીસી કલમ ૩૦૪, ૨૦૧ તથા જીપી એકટ ૧૩૫ માં રૂા. ૧.૩૫ લાખનો દંડ અને આજીવન કેદની સજાનો હુકમ કરેલ છે. જયારે આ બનાવનાં અન્ય આરોપી સુરેશભાઈ ઉર્ફે સુરાભાઈ વાઘાભાઈ રાતડીયાને ૧ વર્ષની સજા તથા રૂા. ૧૦ હજારનો દંડ, કરશનભાઈ વાઘજીભાઈ ઉર્ફે વાઘાભાઈ રાતડીયાને પણ ૧ વર્ષની સજા તથા રૂા. ૧૦ હજારનો દંડ, હાજાભાઈ વાઘાભાઈ રાતડીયાને ૧ વર્ષની કેદ તથા રૂા. ૧૧ હજારનો દંડ જયારે ગોપાલભાઈ નારણભાઈ ઉર્ફે નારૂભાઈ રાતડીયા, રાજુભાઈ ભીખુભાઈ રાતડીયા, જગાભાઈ ઉર્ફે ગુણાભાઈ ભગુભાઈ રાતડીયા, ધર્મેશભાઈ ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે ધમો જગદીશભાઈ ઉર્ફે જાગાભાઈ રાતડીયાને એક વર્ષની સજા તથા રૂા. ૧૦ હજારનો દંડ તથા આરોપી કાળુભાઈ ભીખાભાઈ ઉર્ફે ભીખભાઈ રાતડીયાને ૧ વર્ષની સજા તથા રૂા. ૧૧ હજારનો દંડ તેમજ પાંચાભાઈ ઉર્ફે પાંચુભાઈ ભીખાભાઈ ઉર્ફે ભીખુભાઈ રાતડીયાને આઈપીસી કલમ ૧૩૫ તથા ૨૦૧માં રૂા. ૬૦ હજારનો દંડ તથા ૭ વર્ષની કેદની સજાનો હુકમ કરેલ છે.

### ટર્મીરીક ફરમેકર પ્રોજેકટનાં નામે

# અમરેલીનાં કેરિયાનાગસનાં ખેડૂતે રૂપિયા ૨૫ લાખ અને જમીનમાં કર્યુ રોકાણ અને ફસાયા

### તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી



અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના કેરિયાનાગસના ખેડૂતે ગત તારીખ ૨૯/૭/૨૩ના તાલુકા પોલીસમાં ફરિયાદ લખાવી હતી કે, AS AGRI AND AQUA LLP કંપની દ્વારા વર્ટિકલ ટરમરીક ફરમેકર પ્રોજેકટ કરવાના નામે ૨૫ લાખ રૂપિયાનું રોકાણ કરાવી દર વર્ષે ૨૫ લાખ રૂપિયા ખેડૂતને આપવા જણાવ્યું હતું. ખેડૂત ચિરાગ ગંગડિયાએ ૨૦૨૧માં રોકાણ કર્યુ હતું. પરંતુ ૨૦૨૨ અને ૨૩ આમ બે વર્ષ પૂરા થવા છતાં તેઓને કોઈ રકમ મળી નહિ હોવાનું જણાવ્યું હતું કે મૂળ રકમ પણ પરત કરાઈ ના હતી જેને લઈ AS AGRI AND AQUA LLP કંપની વિરૂદ્ધ અમરલી તાલુકા પોલીસ સ્ટેશનમાં મહારાષ્ટ્રના ત્રણ આરોપી, સંદેશ કમકર, સુશાંત ગાવડે અને હર્ષદ ઓઝેના ત્રણ નામથી એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી હતી. જેમાંથી સંદેશ કામકરની ધરપકડ કરી લેવામાં અમરેલી તાલુકા પોલીસને સફળતા મળી છે બાકીના બે આરોપી મહારાષ્ટ્ર જેલમાં છે જેને અમરેલી લાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે.

આ કૌભાંડમાં મહારાષ્ટ્રમાં બે, એક કર્ણાટક, એક નાગપુર અને ગુજરાત સહિત કુલ પાંચ રાજયમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં ૫૦૦૦ થી વધારે લોકો ફસાઈ ચુકયા છે અને લગભગ ૧૦૦ કરોડથી વધારે રૂપિયાનું ફ્રોડ આચરી લોકોને ટાર્ગેટ કર્યાનું અનુમાન છે. જેની આગળની તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

# અમરેલી : યુનિટી હાઈસ્કુલનું ગૌરવ

અમરેલી, તા.૧૧

શાળાકીય અન્ડર–૧૯ ફુટબોલ સ્પર્ધા માંગવાપાળ મુકામે ૧/૯/૨૦૨૩ ના રોજ યોજાયેલી તેમાં અમરેલીની યુનિટી હાઈ.નાં ૨ (બે) ખેલાડી, જિલ્લા કક્ષાઓ પસંદગી પામેલ છે.(૧) માલકીયા હિરેન તથા (૨) કારેઠ પંકજ હવે, આ ખેલાડીઓ રાજયકક્ષાએ ભાગ લેવા જશે. જેને આચાર્ય ભરતભાઈ મહેતા તથા સમગ્ર સ્ટાફ તેમજ ટ્રસ્ટીગણે અભિનંદન પાઠવ્યા છે.

### સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાવતી ઘટના

# બગસરાનાં હાલરીયા ગામે વન્ય પ્રાણીએ પાંચ વર્ષની બાળકીને ફાડી ખાધી

### ધારાસભ્યનાં હસ્તે પરિવારને પાંચ લાખની સહાય




બગસરા, તા. ૧૧

અમરેલીનાં બગસરા તાલુકાના હાલરીયા ગામે પરપ્રાંતીય મજૂરની આશરે પાંચ વર્ષની સોનું નામની બાળકી માતાની પાસે સુતેલ હોય ત્યારે અચાનક વન્ય પ્રાણી સિંહણે હુમલો કરી ફાડી ખાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો વન વિભાગ દ્વારા આ આદમખોર સિંહણને ઝડપી લેવા ૩ પાંજરાઓ ગોઠવી પરિવારને વળતર મળે તે માટે ધારી–બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયાએ સરકારમાં રજૂઆત કરી વન વિભાગ દ્વારા માત્ર ૨૪ કલાકમાં જ તેમના પરિવારને રૂપિયા પાંચ લાખની સહાય ધારાસભ્ય જે.વી. કાકડિયા અને વન વિભાગના આર.એફ.ઓ. દિપક ચૌધરી સહિત આગેવાનો ઉપસ્થિત રહી રૂપીયા પાંચ લાખની સહાયનો ચેક અર્પણ કર્યો. આ તકે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, ધીરૂભાઈ માયાણી અશ્વિનભાઈ કોરાટ, હસમુખભાઈ બાબરીયા તેમજ હાલરીયા ગામના સરપંચ પિયુષભાઈ કોરાટ, ડી.કે. કોરાટ, પરેશભાઈ ગજેરા, પુનાભાઈ કોરાટ સહિત લોકોની ઉપસ્થિતિમાં પરિવારને ૫ લાખની સહાય આપી. ઉપરાંત જંગલ ખાતા દ્વારા માનવભક્ષી સિંહણ હજુ પકડાઈ નથી અને ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે અને પહેલા પણ મુંજીયાસર ગામે દીપડાએ ખેડૂત ઉપર હુમલો કરેલો તે હજી દીપડો પકડાયો નથી. ત્યારે ફરી આદમખોર સિંહણ પાંચ વર્ષની બાળકીને ફાડી ખાધી. આવા અનેક બગસરા તાલુકો બનેલ છે. છતાં વન વિભાગ કુંભકર્ણ નિંદ્રામાં હોય આવા જનાવરને પકડવામાં નિષ્ક્રિય સાબિત થયા છે.

# અમરેલી : અધ્યાપકોએ કાળી પટ્ટી ધારણ કરી શૈક્ષણિક કાર્ય કર્યુ





અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાની કોલેજોમાં આજે રાજય સરકાર દ્વારા લાવવામાં આવનારા યુનિવર્સીટી કોમન એકટનો વ્યાપક વિરોધ કરવામાં આવ્યો હતો. સૂચિત એકટમા અધ્યાપકો અને વિદ્યાર્થીઓના હિત વિરૂદ્ધની જોગવાઈઓ હોવાથી આ વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. ત્યારે અમરેલી, સાવરકુંડલા, ધારી, બગસરા, બાબરા, લીલીયા, જાફરાબાદ વગેરેની કોલેજોમાં આજે અધ્યાપકોએ કાળી પટ્ટી ધારણ કરી અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. તેમ એક અખબારી યાદીમાં સૌરાષ્ટ્ર વિસ્તાર અધ્યાપક મંડળ–રાજકોટના ઉપપ્રમુખ ડો. એ.જે. ચંદ્રવાડીયા અને સંગઠનમંત્રી પ્રા. જે.એમ. તલાવીયાએ જણાવ્યુ હતું.

### પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડની માંગ

# અમરેલીથી સાંજના સમયે ઉપડતી લાંબા અંતરની એસ.ટી. બસને સ્લીપીંગ બનાવો

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાંથી સાંજના સમયે જે લાંબા અંતરની એસ.ટી. બસો ઉપડે છે. તે તમામ બસો સાદી સીટીંગ વાળી ઉપડે છે. તો આ સીટીંગ વાળી બસનાં બદલે સ્પીનીંગ વાળી બસો મુકવાની વ્યવસ્થા કરવાની અનેક લોકોએ રજૂઆત કરી છે. જેમાં ખાસ કરીને સુરત, વડોદરા, મુંબઈ, અમદાવાદ, નવસારી, વાપી, ભરૂચ આવા જે લાંબા અંતરની બસો છે. તે તમામ રૂટોની બસો સ્લીપીંગ બસ કરવી જરૂરી છે. જેથી લાંબા અંતરમાં મુસાફરી કરતાં નાના બાળકોથી લઈને વૃધ્ધો સુધી સૌ કોઈને આરામદાયક મુસાફરી કરી શકે તો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંધાડે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

### નવા આજીડેમ બસ સ્ટેન્ડથી બસ ઉપાડવાનો થયો હતો વિરોધ

# રાજકોટથી અમરેલી જિલ્લાને જોડતી તમામ બસ મુખ્ય બસપોર્ટથી જ ઉપડશે

### અમરેલીનાં વેપારીઓની રજૂઆત બાદ એસ.ટી. દ્વારા અપાઈ ખાતરી

અમરેલી, તા. ૧૧

રાજકોટથી અમરેલી જિલ્લાને જોડતી તમામ બસ આજી ડેમ પાસે નવા બનેલા બસ સ્ટેન્ડનાં બદલે રાજકોટના મુખ્ય બસ પોર્ટથી જ ઉપાડવામાં આવશે અને અમરેલીથી ઉપડતી અને રાજકોટ જતી તમામ એસ.ટી. બસ પણ રાજકોટ સેન્ટર બસ સ્ટેશન સુધી લઈ જવા એસટી વિભાગ દ્વારા ખાતરી આપવામાં આવી છે.


આ અંગે અમરેલી ઈન્દિરા શોપિંગ સેન્ટર એન્ડ વેજીટેબલ માર્કેટ એસોસિએશનનાં પ્રમુખ યોગેશભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લા તરફ જતી બસ માટે રાજકોટમાં આજી ડેમ નજીક એસ.ટી.વિભાગ દ્વારા એક નવું બસ સ્ટેશન બનાવવામાં આવ્યું છે.


પરંતુ અમરેલી થી રાજકોટ આવતા જતા લોકો માટે આજી ડેમ વિસ્તાર ઘણો દૂર પડે તેમ છે. અને લોકોને મુખ્ય સેન્ટ્રલ બસ સ્ટેન્ડ આસપાસ કામ માટે થઈ જવાનું હોય છે. ત્યાંથી જ પરત પણ ફરવાનું હોય છે અને લોકોને વધારે કામગીરી પણ ત્યાં રહેતી હોય છે. આથી અમરેલી જિલ્લાના લોકોને રાજકોટ આવવા જવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે અમરેલી જિલ્લાની તમામ બસ આજી ડેમ બસ સ્ટેન્ડથી નહીં પણ રાજકોટ સેન્ટ્રલ બસસ્ટેન્ડથી એટલે કે હાલના બસ સ્ટેશનથી જ ઉપાડવામાં આવે અને અમરેલી જિલ્લામાંથી આવતી તમામ બસો આજીડેમ સુધી જ નહી પણ સેન્ટ્રલ બસ સ્ટેશન સુધી જાય તે માટે અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયા મારફતે એસ.ટી. વિભાગને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત બાદ એસ.ટી. દ્વારા અમરેલી જિલ્લાની તમામ બસો રાજકોટમાં સેન્ટ્રલ બસ સ્ટેશનથી જ ઉપાડવામાં આવશે અને અને અમરેલી જિલ્લામાંથી આવતી તમામ બસો પણ ત્યાં સુધી જશે તેવી લેખિતમાં ખાતરી આપવામાં આવી છે.

# વડિયા : નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા દ્વારા ''નેતાજી આયે આપકે દ્વાર'' કાર્યક્રમ યોજાયો









ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપને ભવ્ય જીત મળી હતી. તેમાં ગુજરાત વિધાનસભાનાં વિપક્ષી નેતાને અમરેલી વિધાનસભા સીટ પરથી જંગી મતોથી પરાજય અપાવનાર અમરેલીનાં યુવા નેતા કૌશિક વેકરીયા વર્તમાન ગુજરાત સરકારમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તરીકે જવાબદારી નિભાવે છે. હકારાત્મક અભિગમ ધરાવતા આ યુવા નેતા દ્વારા લોકોના પ્રશ્નોને વાચા આપવા અનોખી પહેલ કરી લોકહિતાર્થે અનોખી પહેલ કરી નેતાજી આયે આપકે દ્વાર કાર્યક્રમ રૂપી પોતાના મત વિસ્તારમાં જોવા મળી રહ્યા છે. અમરેલી વિધાનસભા મત વિસ્તારનાં છેવાડાનાં તાલુકા મથક એવા વડિયામાં નાયબ મુખ્ય દંડક એવા ધારાસભ્ય કૌશિક વેકરીયા કાર્યકર્તા સાથે વડિયાની મુખ્ય બજારમાં પગપાળા ચાલીને સમગ્ર વડિયામાં આવેલી તમામ દુકાનો પર જઈને એક એક વેપારી અને લોકોની રૂબરૂ મુલાકાત લઈ તેની સમસ્યાઓ અને પ્રશ્નો બાબતે જાણકારી મેળવી હતી. ત્યારે વડિયાની મુખ્ય બજારમાં જાણે લોકો નવાઈ પામી એવું કેહતા જોવા મળ્યા કે પેલા એવા ધારાસભ્ય મળ્યા કે જે પગપાળા લોકોની વચ્ચે રૂબરૂ મળ વા આવતા હોય. આ પગપાળા કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા સાથે ડિવાયએસપી ભંડારી, પીએસઆઇ ડાંગર અને સ્થાનિક નેતાઓને હાજર રાખી લોકોની, વેપારીઓની સમસ્યાઓ જાણીને તેનો ઉકેલ લાવવા જણાવાયું હતુ. આ કાર્યક્રમમાં લોકોનો ખુબ બાહોળો પ્રતિસાદ જોવા મળ્યો હતો સાથે બીજી બાજુ ભાજપ કાર્યકર્તાની ચા ની કીટલી પર કાર્યકર્તાઓ અને અધિકારીઓ સાથે ચા ની ચુસ્કી સાથે ચાઈ પે ચર્ચા પણ કરતા જોવા મળ્યા હતા. આ પગપાળા વેપારી મુલાકાત યાત્રામાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા સાથે ડીવાયએસપી ભંડારી, પીએસઆઇ ડાંગર, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમ્મર, તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ તુષાર ગણાત્રા, તુષાર વેગડ, છગન ઢોલરીયા, ચેતન દાફડા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

# લીલીયાની સહકારી મંડળીમાંથી ધિરાણ મેળવી હપ્તા ન ભરનારને 3 માસની સજા

લીલીયા, તા. ૧૧

લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહીં ભરતા બાકીદાર (૧) હિતેશભાઈ છગનભાઈ વસાવડા રે. લીલીયાનો ચેક રૂા. ૧,૨૭, ૭૩૭ ની ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતાં લીલીયા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીનાં મેનેજર જીતેન્દ્ર ડી. પાઠકે આ બાકીદાર સામે લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરીયાદ કેસ નં. ૭૦૭/૨૦૨૨નો દાખલ કેસ ચાલી જતાં નામદાર અદાલત દ્વારા હિતેશભાઈ છગનભાઈ વસાવડા રહે. લીલીયા તા. લીલીયા તા.ને (૩ માસની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ ૧,૨૭,૭૩૯ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ.

તેમજ તેટલી જ રકમનો દંડ કોર્ટમા ભરવી અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવા લીલીયાનાં પ્રિન્સીપાલ સીવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટએ હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીનાં બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

સદર કામના આરોપી હાલ ફરાર હોય જેથી આરોપીને સજા વોરન્ટ એસ. પી. અમરેલીને મોકલી આપી સત્વરે ધરપકડ કરી જેલમા બેસાડવાનો હુકમ કરેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### કોંગી પ્રમુખ રવજીભાઈ પાનસુરીયાનો આક્ષેપ

# ડાંડાઈ : કુંકાવાવથી નાજાપુર માર્ગમાં થીંગડા મારવામાં પણ દે ધનાધન થયું

### માર્ગ–મકાન વિભાગને શરમ જેવું કાંઈ નથી

અમરેલી, તા. ૧૧

કુંકાવાવની નાજાપુર જવાનાં રોડ બે વર્ષ પડેલા નવી બનાવવામાં આવ્યે હતી. જેને ૧ વર્ષ જેવો સમય જતો જ ફરી ખાડા પડવા લાગતા આ રોડ લોકે માટે ફરી સમસ્યા બનતા તાલુકાનાં આગેવાની દ્વારા આ રોડ ગેરંટી પીટીયડમાં હોય જેના ફરી બનાવવા માટે આગેવાની આટીધુટી પાસે છેલ્લા વરસથી માંગ કરવામાં આવી હતી જેનાં અનુસંધાને જિલ્લા પંચાયત દ્વારા કોન્ટ્રાકટને આ રોડ પરના ખાડા પડવા તેમજ પેવરીંગ કરવાથી પાસ સુચના સારે આદેશ કરવામાં આવી હતી. જયારે આ રોડ ફરી બનાવવાનાં કામમાં પણ બે દીકરી દાખવતા માત્ર ૧૦ દિવસ માજ ફરી ખાડા પડતા લોકોની ાસસરાની યથાવત રહોવ પામતા નાજાપુરનાં પુર્વ સરપંચ એન કુંકાવાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખે મુખ્ય મંત્રીને લેખીતમાં રજુઆત કરીને આ કામનાં કોન્ટ્રાકટને ફરી રોડ બનાવવા આદેશ કરવો તેમજ કામમાં નબળી કામગીરી એન બેદરકારી સામે ાપગલા ભરવા ાઅને ડીવીજન માથે રકમ કાપી અને પગલા ભરવા સહીતની ાલેખીતમાં રજુઆત કરવામાં આવી છે.ત્યારે આ કામ થોડા દીવસ પડેલા ચાલુ કર્યુ હજુ ત્યારે અનેક આગેવાનીાએ મુદત કરીને પ્રેસમાં પ્રરદાન મેળવી હતી ત્યારે જાણવા કામપર નજર રાખી નથી જેથી લોકોથી સમસ્યા (ખરાબ ટેડ) ની પથાવત રહી છે. આ બાળની વિગતવાર એજન્સી સામે પગલા ભરવા અને ડીવિઝન માથે ફરી રોડ બનાવવામાં આવે જેવી લોકો માંગ કરી રહયા છે.

# સા.કુંડલાનાં ઘાંડલા ગામનાં યુવક ૧૮ વર્ષ આર્મીમાં ફરજ બજાવી પરત ફરતા સન્માન

સાવરકુંડલા, તા. ૧૧

માતૃભૂમિની રક્ષા કાજે ગયેલ સાવરકુંડલા નાં ઘાંડલા ગામનો યુવાન ૧૮ વર્ષ નોકરી બાદ પરત આવતા ધારાસભ્ય તેમજ ગામના આગેવાનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.



ઘાંડલા ગામના નવયુવાન આર્મીમેન કિર્તીભાઈ કાનજીભાઈ આહીર જેઓ ૧૮ વર્ષ માતૃભૂમિની રક્ષા કરીને હાલ રીટાયર્ડ થયેલ છે તો તેમનું ઘાંડલા ગામે સ્કૂટર રેલી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને સાથોસાથ સ્વાગત સભામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં હસ્તે દીપ પ્રાગટય તેમજ કિર્તીભાઈનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલું. ધારાસભ્યએ સમસ્ત ઘાંડલા હડિયા પરિવારને અભિનંદન પાઠવેલ. આ પ્રસંગે સાવરકુંડલા રૂલર પોલીસ એ.એસ.આઈ એમ. કે. સોલંકી તેમજ કોન્સ્ટેબલ ચિંતનભાઈ, મહેશભાઈ, ભાવેશભાઈ તેમજ જિલ્લા સદસ્ય લાલજીભાઈ મોર, જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા એ.ટી.વી.ટી સદસ્ય દિનેશભાઈ કાતરીયા, ઘાંડલા ગામના સરપંચ જયાબેન તથા ઉપસરપંચ દિલુભાઈ તેમજ આ કાર્યક્રમની જહેમત ઉઠાવનાર શામળ ાભાઈ હડિયા જેમણે ગ્રામજનો તેમજ મહેમાનનો આભાર વ્યકત કર્યો હતો.

### એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજનો ચુકાદો

# સાવરકુંડલામાં ચકચારી બનેલ પત્નીનાં આત્મહત્યા કેસમાં આરોપી પતિ–સાસુ અને સસરાનો નિર્દોષ છુટકારો

### બચાવ પક્ષે સિનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા.૧૧

સાવરકુંડલામાં આજથી સાડા છ વર્ષ પહેલા ચકચાર બનેલ પત્નિની આત્મહત્યાનાં કેસ ચાલી જતાં આરોપી પતિ, સાસુ અને સસરાને નિર્દોષ છોડી મુકવા સાવરકુંડલાના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી ટી.કે.રાણાએ હુકમ કરેલ છે. બચાવપક્ષે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી હતી.



આ બનાવની વિગત જોઈએ તો આ કામનાં ફરીયાદી મનીષભાઈ રમણીકલાલ નરસાણાની બહેન તૃષાબેનના લગ્ન સાવરકુંડલાના નિવાસી આ કામનાં આરોપી ભરતભાઈ કેશવલાલ અજમેરા તથા રેખાબેન ભરતભાઈ અજમેરાનાં પુત્ર સાથે તા.૨૮/૧/૨૦૧૪ ના રોજ થયેલ હતા. ત્યારબાદ ગુજ.તુષાબેને તા. ૨૮/૪/૨૦૧૭ ના રોજ સાવરકુંડલા મુકામે તેમની સાસરીયામાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધેલ હોય અને તે અંગેની ફરીયાદા તેમનાા કુંટુંબી ભાઈએ પોલીસ રૂબરૂ લખાયેલ હતી. અને જેમાં તેઓએ ગુજરનાર તૃષાબેનનાં પતિ તથા સાસુ તથા સસરા ગુજરનાર તૃષાબેનને શારીરીક તથા માનસીક ત્રાસ આપી મેણાટોણા મારતા હોયા તેમજ ગુજરનાર પતિએ તેમનાં ઘરેથી રૂા.૧,૦૦,૦૦૦ લાવવા માટોા જણાવેલ હતું. તેમજ તેમનાં પર નાની નાની બાબતોમાં શંકા,કુશંકા તેઓ કરતા હતા તેમજ ગુજરનાર સાસુ રેખાબેન ભરતભાઈ અજમેરા સસરા ભરતભાઈા કેશવલાલ અજમેરા તેમને અવાર–નવાર મેણાંટોણા મારી માનસીક ત્રાસ આપતા હતા. તેમજ તેમનાા પતિ તેઓને મારકુટ કરી અને મેણાટોણા મારી શારિરિક તથા માનસીક ત્રાસ આપતા હતા. જેથી ગુજરનારને લાગી આવતા તેમણે તેમનાં લગ્ન થયા પછીનાં ટુંકાગાળામાં કંટાળી જઈ ગુજરનારે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા તે અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાા ફરીયાદીાએ લખાવેલી હતી. અને જે ફરીયાદ અનુસંધાને પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી અને તપાસ કરી આ કામનાં ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૬,૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૪ વિગેરે મુજબ ચાર્જશીટ કરેલ. ત્યારબાદ આ કામનાં કેસમાં ફરીયાદ પક્ષ ાાતરફથી પુરાવાઓ લેવામાં આવેલા અને ફરીયાદ પક્ષ તરફથી આ કામે ધણા સાહેદોની જુબાની લેવામાં આવેલી, તથા દાસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા, આ કામે સમાજના તથા જ્ઞાતિનાં આગેવાનોએ ખુબ મહેનત કરવા છતાં આ કામે સમાધાના થયેલ ન હતું, જેથી આ કેસ સાવરકુંડલા પંથકમાં ખુબ જ ચર્ચાસ્પદ બનેલ હતો. તેમજ આ કામનાં ગુજ.તૃષાબેનના કુંટુંબી ભાઈ કે જે ફરીયાદી બનેલ તે પોતે પણ વ્યવસાયે વકીલ હોવાથી આ કેસ લોકમૃખે ખુબ ચર્ચાયેલો હતો. આ કામનો કેસ ચાલી જતા તમામ સાહેદોની જુબાની તથા બે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા તે તમામ ધ્યાન લઈને ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર નહી કરી શકતા તેમજ આ કામે બચાવપક્ષ તરફે રોકાયેલ સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાલ દલીલ તથા તેઓએ રજુ કરેલા સુપ્રિમ કોર્ટનાં તથા ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાઓને ધ્યાને લઈ સાવરકુંડલાનાં એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ ટી.કે. રાણાએ ત્રણેય આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરેલ છે.

# જામનગર ખાતે ઈન્ડિયન આર્મી કન્ટોનમેન્ટ પર શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન



જામનગર, તા. ૧૧

તારીખ૧૦–૦૯–૨૦૨૩ એ જામનગર ખાતે ઈન્ડિયન આર્મી કેન્ટોનમેન્ટ પર શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું, ફ્રેન્ચાઈઝી ઓનર સંદીપભાઈ દ્વારા રીબીન કાપી પાર્લરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ તકે શીતલ આઈસ્ક્રીમનાં ડિસ્ટ્રીબ્યુટર અને ફ્રેન્ચાઈઝી ઓનર સંદીપભાઈ સોરઠીયા, શીતલના સેલ્સ મેનેજર, ઈન્ડિયન આર્મી કેન્ટોનમેન્ટનો સ્ટાફ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં. તેવું શીતલનાં ફ્રેન્ચાઈઝી હેડ નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

### સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા

# અંકલેશ્વર ખાતે સૌથી મોટા ઝૂલામાં ૪૫૧ કાનુડાને ઝુલાવ્યા : વિશ્વ રેકોર્ડ

### વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા–જીનિયસ ફાઉન્ડેશન સંસ્થાએ સર્ટિ. આપ્યું

અમરેલી, તા. ૧૧

ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ વિકક્ષાએ અંકિત થયો છે. અંકલેર આંગણે છેલ્લા ૮ વર્ષ નોટીફાઈડ વિસ્તારમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. નવમાં વર્ષે ઉજવણી અતિ ભવ્ય સાથે વિ કક્ષાની બની હતી. જન્માષ્ટમી પર્વ નિમિતે શ્રી સરદાર પટેલ સેવા ટ્રસ્ટ અંકલેર દ્વારા સર્જન કરવામાં આવ્યું હતું. સવાયા માપ સાથે નિર્માણ પામેલા આ ઝૂલાએ પ્રથમ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો હતો. સવારે સમાજની વાડી ખાતે આ ભવ્ય ઝૂલાને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા અને જીનિયસ ફાઉન્ડેશન સંસ્થા પ્રતિનિધિઓની હાજરીમાં આયોજન મંડળના સાંસ્કૃતિક કમિટીના ચેરમેન અતુલ પટેલ, કો. ચેરમેન સુરેશ દેવાણી, મુકેશભાઈ લુખી, રશ્મિનભાઈ પટોળીયા અને મુકેશભાઈ ચોવટીયા તેમજ સંસ્થાના સભ્યોના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં વર્લ્ડ રકોર્ડ ઓફ ઈન્ડિયા જીનિયસ ફાઉન્ડેશન સંસ્થા પ્રમુખ પાવન સોલંકીના હસ્તે શ્રી સરદાર પટેલ અતુલ પટેલ સાંસ્કૃતિક કમિટી, ચેરમેન સેવા સમાજ ટ્રસ્ટને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ઝૂલો ખુલ્લો મૂકી વર્લ્ડ રેકોર્ડ સજર્યા બાદ સંસ્થા દ્વારા સરદાર પટેલ સમાજની



વાડી ખાતેથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

વર્લ્ડ રેકોર્ડ ઝુલામાં ૯૦૦ કિલો લોખંડ, ૨૫ વ્યકિત ઝુલી શકે અને ૨૦૦૦ કિલો સુધી વજનની ક્ષમતા સાથે ઝીરો બેલેન્સમાં તૈયાર કરી ૨૦.૦૨ ફૂટ લંબાઈ, ૧૫.૦૨ ઊંચાઈ અને ૭.૫૦ ફૂટ પહોળાઈ જેમાં ૧૮.૦૨ ફૂટની બેઠકની પાટ આખા ઝુલામાં સવાયું માપ રાખ્યું હતું. ઝુલામાં ૪ડી વાસુદેવ કાનાને ટોપલામાં લઈ યમુના નદી પાર કરતા હોય તે છબી ચારેય બાજુથી દર્શન થાય તેવી બનાવી હતી.

સમાજની કારોબારી, સાંસ્કૃતિક કમિટીએ સંયુકત રીતે સમાજ ભાવથી શોભાયાત્રા, વર્લ્ડ રેકોર્ડ ઝુલો અને ઘર ઘર કાના ૪૫૧ કાના ઝુલાવાયાં હતાં. જેથી વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા એન્ડ જીનીયસ ફાઉન્ડેશનને નોંધ લઈ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા છે.


તક ને તેડા ના હોય...
પ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



➤ - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz



ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દર્દીઓ માટે ઉપયોગી

# અમરેલીનાં મેડી ગામની સગર્ભા મહિલાની મધ્યરાત્રીએ નોર્મલ પ્રસૂતિ કરાવતી ૧૦૮ની ટીમ

### બાલભવન ૧૦૮ ટીમની સુંદર કામગીરી

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાનાં મેડી ગામમાં રહેતા દિપ્તીબેન કિશનભાઈને રાત્રીના સમયે પ્રસૂતિની પીડા ઉપડતાં તેમના પતિએ તેમને પોતાના વાહનમાં અમરેલી તરફ લઈ આવી રહ્યા હતા,

ત્યારે રસ્તામાં તેણીને અસહ્ય પ્રસૂતિની પીડા શરૂ થઈ જતાં તેમણે ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કાલ કરેલ હોય, અમરેલીનાં બાલભવન ખાતેની ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક મેડી ગામે જવા રવાના થઈ હતી.

ત્યારે દર્દી વાંકિયા ગામના બસ સ્ટેશન પર સામે મળ તા ઈએમટી કલ્પેશ કંટારિયા તથા પાઈલોટ અકબરભાઈએ જરૂરી મેડિકલ સાધનો લઈ દર્દીની તપાસ કરતા દર્દીને અસહ્ય પ્રસૂતિનો દુઃખાવો હતો, તરત જ જરૂરી સ્ટ્રેચરનો ઉપયોગ કરી દર્દીને



એમ્બ્યુલન્સમાં લઈ અમરેલી તરફ આવવા રવાના થઈ ગયા હતા. બાલભવન ૧૦૮ નાં સ્ટાફ ઈએમટી કલ્પેશભાઈએ દર્દીને વધુ પીડા ઉપડતા એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી.

ડિલિવરી થતાં તપાસતા બાળકનાં ગળામાં ગર્ભ નાળ વીંટળાયેલા હતી, જે ઇ.એમ.ટી. કલ્પેશભાઈએ સમય સૂચકતા વાપરી ગળામાંથી નાળ કાઢી બાળ કનો અમૂલ્ય જીવ બચાવ્યો હતો અને અમદાવાદ ઓફિસમાં રહેલા ડોક્ટરની સલાહ પ્રમાણે બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા બાળકને સારવાર સાથે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. માતા બાળકનો અમૂલ્ય જીવ બચાવતા દર્દીના સગા સંબંધીઓ એ ૧૦૮ નાં કર્મચારીનો આભાર માન્યો હતો. તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ અમરેલીની બાલભવન ૧૦૮નાં સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. આમ ફરી એક વખત ૧૦૮ ઈમરજન્સી સેવા આશીર્વાદ રૂપ બની હતી.

### ગ્રામજનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# બાબરાનાં તાઈવદર ગામે થયેલ ગૌચર દબાણ હટાવવા રજૂઆત કરાઈ

### તાલુકા સોશ્યલ ટીમની રચના કરવા માંગ

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકામાં અવાર નવાર ખેડૂતો દ્વારા, પશુ પાલકો દ્વારા, ગ્રામ જનો દ્વારા, જીવદયા પ્રેમીઓ દ્વારા, પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા અનેક રજુઆતો કરવામાં આવેલ છે.

હમણાં જ તાજેતરમાં રાણપર ગામે ખેડૂત દ્વારા ઝેરી દવા પી આ કંપનીઓ વિરૂદ્ધ ફરિયાદ આપવામાં આવેલ હતી અને આવેદન આપવમાં આવેલ હતું. છતાં પણ દિન પ્રતિદિન આવા નવા નવા પ્રશ્નો રોજે રોજ આવતા હોય છે. ત્યારે ખરેખર આ બાબતને ગંભીર



ગણી સરકાર દ્વારા સમગ્ર તાલુકા સ્પેશિયલ ટિમની રચના કરવામાં આવે અને સમિતી બનાવવામાં આવે તો ઘણી ગેરરીતી બહાર આવે તેમ છે.

જો તાઈવદર ગામે ગૌચર બાબતે ન્યાય નહિ આપવામાં આવે તો ગ્રામજનો દ્વારા, ખેડૂતો દ્વારા જરૂર પડયે ટૂંક સમયમાં જ અનસન ઉપવાસ કે આંદોલનો કરવાની ફરજ પડશે એવું ગ્રામ લોકો, પશુપાલકો દ્વારા જણાવવા આવેલ હતું.

### ગં.સ્વ. મીરા માતાજીનાં કરકમળો દ્વારા

# ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલ ખાતે મેડિકલ સ્ટોરની ભૂમિપૂજન વિધિ યોજાઈ

### રૂપિયા ૫૧ લાખનું અનુદાન મળતા કાર્ય શરૂ

ટીંબી, તા.૧૧

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) માં દર્દીનારાયણની નિઃશુલ્ક આરોગ્યસેવાર્થે ગૌશાળા પરિસરમાં આધુનિક સુવિધાયુકત નિર્માણાધીન નવા મેડીકલ સ્ટોર, સીટી સ્કેન, એમઆરઆઈ તથા અન્ય ાવિભાગો માટે બિલ્ડીંગનું નિર્માણ થવાનું છે.

ભૂમિપુજન વિધી કાર્યક્રમ'' બિલ્ડીંગ માટે રૂા.૫૧,૧૧,૧૧૧ અંકે રૂપિયા એકાવન લાખ અગીયાર હજાર એકસો અગીયાર પુરાનાં પ્રથમ દાતા બ્ર.પ.પૂ.વંદનીય ધરમૂદાસબાપાનાં ધર્મપત્ની ગં.સ્વ.મીરા માતાજીનાં કરકમળો દ્વારા આજરોજ તા.૧૧/૯/૨૦૨૩ ને સોમવારનાં રોજ સવારે ૯:૦૦ કલાકે સંપન્ન થયેલ છે.

આ પ્રસંગે રોટરી કલબ સુરેન્દ્રનગરથી પ્રેસીડેન્ટ પ્રશાંતભાઈ જાની, ભાવનગરથી ડો.ગીરીશભાઈ વાઘાણી, સાથી ારોટરીયન મિત્રો તથા પૂ.ધરમદાસબાપા સેવક સમુદાય ાઅને હોસ્પિટલનાં ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહયા હતા.



આ કાર્યક્રમમાં ઉપસ્થિત પૂ. મીરામાતાજીનું મહિલા કન્સલ્ટન્ટ ડોકટરઓ દ્વારા વંદનાપત્ર, પુષ્પગુચ્છ, શાલ અને રૂદ્રાક્ષમાળા અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક અને રૂદ્રાક્ષમાળા અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન પૂ. ધરમદાસબાપાનાં પરમભકત જીતેન્દ્રભાઈ મેપાભાઈ પ્રજાપતિ એ આપણી હોસ્પિટલની નિઃશૂલ્ક આરોગ્યસેવાને પ્રત્યક્ષ નિહાળી રૂા.૧,૫૧,૧૧૧ અંકે રૂપિયા એક લાખ એકાવન હજાર એકસો અગીયાર પુરાનું અનુદાન અર્પણ કરવાની જાહેર કરેલ છે.

# બાબરા : ચમારડી ખાતે લહેરગીરી બાપુનાં ચેતન સમાધિ મંદિરે પવિત્રમાસની ઉજવણી




બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાનાં ચમારડી ગામે આવેલ શ્રી લેહરગીરી બાપુનાં ચેતન સમાધિ મંદીરમાં પવિત્ર શ્રાવણ માસની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. અહીં મંદિરનાં મહંત શ્રી બાબુગીરી બાપુ દ્વારા શ્રાવણ માસનાં સોમવારે મહાપૂજા, દીપમાળા, મહાઆરતી સહિતનાં કાર્યક્રમ કરવામાં આવે છે તેમજ મહાદેવને મંદીરનાં મહંતશ્રી દ્વારા અનુપન શણગાર પણ કરવામાં આવે છે જેના દર્શન કરી ભાવિકો ધન્ય બને છે. અહીં ગામનાં યુવા પેન્ટર હરેશ મકવાણા દ્વારા મંદિરના પરિસરમાં ભગવાન શિવ, પાર્વતી અને અને ગણપતિ સાથેનો શિવ પરિવારનું ચિરોડી કલરથી ચિત્ર બનાવતા અહીં મંદિરે દર્શને આવતા ભાવિકો અભિભૂત બન્યા હતા.

# ચલાલા : ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનાં જન્મદિને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં શિક્ષક દિનની ઉજવણી



ચલાલા, તા.૧૧

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા ખાતે પૂ. રતિદાદાનાં આશીર્વાદ સાથે ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં ૫ મી સપ્ટેમ્બર ડો.સર્વોપલ્લી રાધાકૃષ્ણનાં જન્મદિન નિમિતે શિક્ષક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ એલ.કે.જી.થી ધોરણ–૧૨ વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં તેઓ ખુબ તૈયારી ાકરીને આવ્યા હતા. અને એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા સુંદર રીતે નિભાવી હતી. સુંદર શિક્ષણ આપનારને નંબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તેમજ આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

### નાયબ પોલીસ અધિક્ષકના અધ્યક્ષસ્થાને

# જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં સમસ્ત માછીમાર સમાજની બેઠક યોજાઈ

### બોટ એસો.નાં પ્રમુખ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં



જાફરાબાદ, તા.૧૧

જાફરાબાદનાં દરિયામાં માછીમારી કરતાં માછીમારો માટે મહત્વની મિટિંગ યોજાઈ હતી. એસ.પી. હિમકરસિંહના માર્ગદર્શન મુજબ સાવરકુંડલા ડીવાયએસપી વોરાના અધ્યક્ષતાની મિટિંગનું આયોજન કરાયું હતું.

તેમાં ખારવા સમાજનાં બોટ એસોસ્યિેશન પ્રમુખ કનૈયાલાલ સોલંકી સહિત ખારવા સમાજ તેમજ હિન્દુ સમાજનાં લોકો મુસ્લિમ સમાજનાં માછીમારો સહિત ઉપસ્થિત રહયા હતા. અને વધુમાં ડીવાયએસપીએ જણાવ્યું હતું કે તમામ બોટ માલિકો પોતાનાં બોટનાં ટોકન કઢ ાવી લે તેમજ અને ટોકનની સાથે જે કોઈ બોટમાં તેના માછીમારી કરવા જતા લોકોનાં યાદી રાખે અને તમામ માછીમારોના પ્રૂફ સાથે રાખવા તેમજ જેથી ાકરી કોઈ અકસ્માત થાય તો કોઈ સમયિા ઉભી ન થાય અને તમામા બોટનાં ટોકન અને વીમા રાખવા અનુરોધ કર્યો હતો.

### તળાજા પોલીસ અઠવાડીયા પહેલા મુકી ગયા બાદ

# સાવરકુંડલાનાં માનવ મંદિરે સારવારમાં રહેલ મનોરોગી મહિલાનું નિધન થયું

### જસરાજ સેના દ્વારા અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા

સાવરકુંડલા, તા. ૧૧

તળાજા પોલીસ આજથી આઠએક દિવસ પહેલા ૫૦ વર્ષથી મનોરોગી મહિલાને સાવરકુંડલા માનવ મંદિરે મૂકી ગઈ હતી. તેના શરીરમાં જીવાતો હતી પાંચ દિવસની માનવ મંદિરની સારવાર બાદ આજે અંતિમ ાસ લીધા. જેને સાવરકુંડલા જસરાજ સેનાના હિતેશ સરૈયાને જાણ કરતા જસરાજ સેનાના શાંતિરથમાં સાવરકુંડલા રોડના સ્મશાન ખાતે લાવવામાં આવ્યા હતા. જેનું અગ્નિ સંસ્કાર માનવ મંદિરના સંત ભકિતબાપુ અને અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલ દુધાત દ્વારા કરવામાં આવ્યો. માનવ મંદિરમાં જયારે પણ કોઈ મનોરોગી બહેનનું મૃત્યુ થાય ત્યારે જસરાજ સેના દ્વારા અગ્નિ સંસ્કારની કીટ તેમજ શાંતિરથની ફ્રી સેવા આપવામાં આવે છે.



### મલાઈદાર ખુરશી મેળવવા નગરસેવકોમાં દોડધામ

# બાબરા પાલિકાનાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન માટે એક ડઝન દાવેદાર

### આગામી ૧૪ સપ્ટેમ્બરનાં રોજ નામ જાહેર થશે

બાબરા, તા.૧૧

બાબરા નગરપાલિકામાં ભાજપનું શાસન છે અને અઢી વર્ષથી પ્રમુખ તરીકે રેખાબેન લલિતભાઈ આંબલિયા સતાનાં સુકાના સંભાળી રહયા છે. હવે તેમની ટર્મ પુર્ણ થતાં નગરપાલિકાના સભ્યો દ્વારા આગામી અઢી વર્ષ માટે પ્રમુખ ઉપ પ્રમુખ અને કારોબારી સમિતિનાં ચેરમેન માટે દાવેદારી રજુ કરી છે.

નગરપાલિકામાં ભાજપ પાસે ૧૮ જેટલા સભ્યો છે. જેમાં ૬ સભ્યોએ પ્રમુખ પદ માટે દાવેદારી રજુ કરી છે. અને ૫ જેટલા સભ્યોએ ઉપ પ્રમુખ અને કારોબારી સમિતિનાં ચેરમેન પદ માટે દાવેદારી રજુ કરી છે.

વર્તમાન પ્રમુખ રેખાબેન લલિતભાઈ આંબલિયા દ્વારા દાવેદારી રજુ કરવામાં આવી નથી તેમજ ઉપપ્રમુખ આશાબેન વસંતભાઈ તેરૈયા દ્વારા પ્રમુખ પદ માટે દાવેદારી રજુ કરી છે. જયારે કારોબારી સમિતિનાં ચેરમેન કમળાબેન બસિયાએ પણ દાવેદારી રજુ નથી કરી થોડા દિવસો પહેલા નગરપાલિકાના ભાજપનાં ૧૧ જેટલા સભ્યો દ્વારા અમરેલી ખાતે જિલ્લા ભાજપનાં કાર્યાલયમાં પ્રદેશ ભાજપનાા અગ્રણીઓ સમક્ષ દાવેદારી રજુ કરી છે.

શહેરમાં ભાજપનાં કોણ પ્રમુખ બનશે તેને લઈ અટકળો તેજ બની છે. દરેક સભ્ય પોત પોતાનું જોર લગાવી રહયું છે. ગાંધીનગર અને દિલ્હી સુધી લાઈન લાંબી કરી રહયા છે.

પ્રમુખ તરીકે દાવેદારીમાં અંકુર જસાણી, પ્રવિણ કરકર, ધર્મેશ વાવડીયા, બાવકુભાઈ બસિયા, ખોડલ મકવાણા, આશાબેન તેરૈયા, ઉપપ્રમુખમાં ભરત રંગપરા, લીલાબેન મકવાણા, કારોબારીમાં કિંજલ બેન સોલંકી, મહેશભાઈ ચૌહાણ, નરેશભાઈ મારૂ, સહિતનાા સભ્યોએ પોતાની દાવેદારી રજુ કરેલ છે.

આગામી ૧૪ તા રોજ બપોરે ૩:૩૦ કલાકે ખ્યાલ આવી જશે શહેરને પ્રથમ નાગરિક કોણ મળ્યું જોકે પાલિકા પ્રમુખની બેઠક સામન્ય હોવાથી હાલ જનરલ ઉમેદવારની પસંદગી પર કળશ ઢોલાસે કે ઓબીસીને પ્રાધાન્ય આપી ભાજપ કઈ નવું કરશે ? તેની ચર્ચા એ પણ જોર પકડયું છે.

### જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત બેઠક યોજાઈ

### જિલ્લા વિકાસ અધિકારી પણ ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૧

આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં અમરેલી ખાતે બેઠક યોજાઈ હતી.

અમરેલી જિલ્લા કલેકટરે તાલુકા આરોગ્ય અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીઓના આ કામગીરી અંગેના આયોજનની વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. તાલુકા સ્તરે અને શહેરી તથા ગ્રામ્ય સ્તરે યોજાનાર આ કાર્યક્રમ યોગ્ય રીતે થાય, નાગરિકોને તેમના આરોગ્ય માટે વિવિધ નિષ્ણાંત તબીબોની સેવાનો લાભ મળી રહે તે જોવા તેમણે જણાવ્યુ હતુ.

અમરેલી જિલ્લા વિકાસ અધિકારીએ ટીમવર્કથી કલસ્ટર વાઈઝ લક્ષ્યાંક મુજબ ચોકસાઈપૂર્વક કામગીરી તાકીદે પૂર્ણ કરવા અને આ અંગેના અહેવાલો સમયસર મળી રહે તે માટેની જરૂરી વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. આરોગ્ય કેમ્પમાં ઓચિંતું ચેકિંગ કરવામાં આવનાર હોય નાગરિકોને આ કાર્યક્રમ અન્વયે સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા તેમણે જણાવ્યુ હતુ. ગ્રામસભામાં આ કાર્યક્રમ અને આરોગ્ય સુવિધાઓ આયુષમાન કાર્ડ તળે મળતી સુવિધાઓ વિશે નાગરિકોને માહિતગાર કરવા અનુરોધ કરવા પણ તેમણે કહ્યુ હતુ.

તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ નાગરિકોને તેમના ગામ સુધી મળી રહે તે લક્ષ્યને મિશન અંત્યોદયના સંકલ્પને અનુસરીને સિધ્ધ કરવાનો છે. વિવિધ આરોગ્ય સંભાળ યોજનાઓ વિશે નાગરિકોમાં જાગૃત્તિ આવે તે ઉદ્દેશ્ય સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રાલય દ્વારા આયુષ્યમાન ભવઃ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.મહત્વનું છે કે, આગામી તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ને બુધવારના રોજ રાષ્ટ્રપતિ દ્વારા આયુષ્યમાન ભવઃ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે, તે સાથે જિલ્લા અને તાલુકા સ્તરે કાર્યક્રમો યોજાશે. અંગદાન થકી આઠ જેટલા નાગરિકોને જીવનદાન મળી રહે છે તેથી અંગદાન માટે પ્રતિજ્ઞા લેવામાં આવશે. અમરેલી સ્થિત મેડિકલ કોલેજ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં નાગરિકો અને આરોગ્ય શાખાના અધિકારીઓ –કર્મચારીઓ સહિતના જોડાશે.આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત આયુષમાન કાર્ડ રિન્યુઅલ અને આયુષમાન કાર્ડ ન હોય તેવાને નવા કાર્ડ, આભા કાર્ડ કાઢવા સહિતની કામગીરીઓને આવરી લેવામાં આવશે. ગ્રામ પંચાયત, સામૂહિક કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતના સ્થળ ો પર આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવશે.

તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ને ગુરૂવારના રોજ રકતદાન કેમ્પ યોજાશે. આગામી તા. ૧૮ થી તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન જિલ્લાના ૧૧ તાલુકાઓના ૧૯ સ્થળો પર રકતદાન કેમ્પ યોજાશે.

જિલ્લાના ૪૫ આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય મેળાઓ યોજવામાં આવશે. બિનચેપી રોગો, ટીબી, રકતપિત અને અન્ય ચેપી રોગો, માતા અને બાળ આરોગ્ય તેમજ પોષણ, આંખ સંભાળ અને એનેમિયા સહિતના રોગોની સારવાર, આરોગ્ય માટે જાગૃત્તિ સહિતની બાબતોને આવરી લેવામાં આવશે. આરોગ્ય ઉપરાંત સહકારી મંડળીઓ, ગ્રામ પંચાયત, આંગણવાડી કાર્યકરો સહિતનાઓ આ કામગીરી માટે સેવાઓ પૂરી પાડશે. આગામી તા. ૨ ઓકટોબર, ૨૦૨૩ના રોજ આયુષમાન સભા યોજવામાં આવશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં યોજાનાર ગ્રામસભાઓમાં ટીબી મુકત ગામ અભિયાન અંતર્ગત ટીબીની સારવાર અને ટીબી મુકત ગામના સંકલ્પને સાધવા માટેની પ્રતિજ્ઞા સાથે વિવિધ કાર્યક્રમો થશે.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારએ આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લાની આરોગ્ય વિષયક વિગતો અને આ કાર્યક્રમ અંગેનું આયોજન રજૂ કર્યુ હતુ. જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં ચીફ ઓફિસરો, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકા આરોગ્ય અધિકારીઓ, આરોગ્ય શાખાના અધિકારીઓ–કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી નાગરિક સહકારી બેન્ક લી.

કેરીયારોડ, "નાગરિક ભવન", અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૨૦૦૦

## જાહેર નોટિસ

અમો અધિકૃત અધિકારી અમરેલી નાગરિક સહકારી બેંક લી., અમરેલી આ જાહેર નોટિસ દ્વારા જણાવીએ છીએ કે, નીચે દર્શાવેલ લોન ખાતેદારોએ તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખામાંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે. આ લોન ખાતેદારો લોનના હપ્તા નીયમતી રીતે ભરપાઇ ન કરતા તેઓના ખાતા એન.પી.એ. થતા તેઓને તેમજ તેમના જામીનોને "ધી સીકયુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટસ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઇંન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨"ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ ઇસ્યુ કરીને ૬૦–દિવસની મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઇ કરી જવા જણાવેલ પરંતુ ઉપરોકત લોન ખાતેદારો તેમના જામીનો લોન લેતી વખતે તેઓએ આપેલ સરનામાવાળી જગ્યા છોડી અન્યત્ર જતા રહેલ હોય કે અન્ય કોઇપણ કારણસર ઉપરોકત નોટિસ તેઓને બજતી ન હોય આથી આ જાહેર નોટિસ દ્વારા તેઓને જાણ કરવાની કે આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ–૬૦ મુદતમાં તેમના ખાતે નીકળતી બેંકની બાકી લ્હેણી રકમ, ચડત વ્યાજ વિગેરે સાથે ભરપાઇ કરી જવી જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ઉપરોકત કાયદાની જોગવાઇ પ્રમાણે બેંક પોતાનું લ્હેણું વસુલ કરવા તેઓની મિલ્કતો જપ્ત કરવા સહિતની આગળની કાર્યવાહી કરશે જેની આ ખાતેદારોએ તેમજ તેમના જામીનોએ નોંધ લેવી.

| શાખાનું નામ, ધિરાણનો પ્રકાર તથા ખાતા નંબર | ખાતેદારના નામ તથા સરનામા | જામીનના નામ તથા સરનામા | ખાતે એન.પી.એ. થયા તારીખ અને વ્યાજદર | બાકી રકમ (તારીખ : ૩૦–૦૬–૨૦૨૩) | તારણમાં મુકેલ મિલ્કતનું વર્ણન |
|---|---|---|---|---|---|
| અમરેલી<br>સ્થાવર મિલ્કત<br>૮૦૨૦૦૧૩૦૪૦૦૧૬૦૯ | હસનભાઈ ઉમરભાઈ બ્લોચ<br>રે.તારવાડી રોડ, મીની કસ્બા, અમરેલી. | (૧) ઝરીનાબેન ઉમરભાઈ બ્લોચ<br>(૨) હુસનેભાઈ ઉમરભાઈ બ્લોચ<br>રે. બન્ને તારવાડી રોડ, મીની કસ્બા, શેરી નં.–૧ અમરેલી. | ૧૧–૦૮–૨૦૨૧<br>૧૪%<br>કરંટ – ૧૨% | મુદલ રકમ : ૯,૯૦,૮૩૬<br>વ્યાજ : ૩,૦૦,૮૯૧<br>અન્ય ખર્ચ :–<br>કુલ : ૧૨,૯૧,૭૨૭ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ–ડીસ્ટ્રીકટ અમરેલીના શહેર અમરેલી ગામે સુધરાઇ હદમાં (૧) તારવાડી પાસે રે.સ.નં.૪ માહે સી.સ.નં. ૨૮૨૦ પૈકીના પ્લોટ નં.–૪૭ પૈકીમાં આવેલ રહેણાંક મકાન જેનું ક્ષેત્રફળ ૬૮–૯૪ ચો.મી. છે. જે હૈયાત ઇમલા સહ. જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૩૦૪૧, તારીખ : ૨૨–૦૮–૨૦૧૪ના રોજ જરીનાબેન ઉમરભાઈ બ્લોચના નામે છે તે મિલ્કત (૨) તારવાડી પાસે મીની કસ્બામાં રે.સ.નં. ૪ પૈકી સી.સ.નં. ૨૮૨૦ પૈકીના પ્લોટ નં.–૫૨ પૈકીમાં આવેલ રહેણાંક મકાન જેનું ક્ષેત્રફળ ૨૧–૭૧ ચો.મી. છે. જે હૈયાત ઇમલા સહ. જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૭૧૧, તારીખ : ૨૭–૦૮–૨૦૦૧ ના રોજ હુસેનભાઈ ઉમરભાઈ બ્લોચના નામે છે તે મિલ્કત |
| અમરેલી<br>સ્થાવર મિલ્કત<br>૮૦૨૦૦૧૩૦૪૦૦૧૪૫૨ | દક્ષાબેન ભાસ્કરભાઈ (પ્રસાદ) વ્યાસ<br>રે. રાધારમણ સોસાયટી, "આશીર્વાદ" બ્લોક નં.–૭, મણીનગર, અમરેલી. | (૧) ગીરીશભાઈ મનહરભાઈ લચ્છા<br>રે. જલારામનગર–૨, હનુમાનપરા, અમરેલી<br>(૨) નઝમાબેન હુસેનભાઈ ચૌહાણ<br>રે. ધનજી ધોળાના નાકામાં, ખત્રીવાડ, અમરેલી. | ૧૫–૦૧–૨૦૨૧<br>૧૪%<br>કરંટ – ૧૨% | મુદલ રકમ : ૩,૬૪,૮૨૮<br>વ્યાજ : ૨૪,૨૪૮<br>અન્ય ખર્ચ :–<br>કુલ : ૩,૮૯,૦૭૬ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ–ડીસ્ટ્રીકટ અમરેલીના શહેર અમરેલી ગામે સુધરાઇ હદમાં તારવાડી પાસે આવેલ મણીનગરના રે.સ.નં.–૧૭,૪૦/૧૨ પૈકીના સીટી સર્વે નં.–૨૬૨૩ પૈકીની જમીનમાં આવેલ રાધારમણ કો.ઓપ.હા.સોસાયટી લી.ના પ્લોટ નં.–૧૦૨ પૈકીમાં આવેલ બ્લોક નં.–૭ જેનું ક્ષેત્રફળ ૮૩–૦૯ ચો.મી. છે. જે હૈયાત ઇમલા સહ. જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૪૯૮, તારીખ : ૨૮–૦૨–૨૦૦૫ ના રોજ દક્ષાબેન ભાસ્કરપ્રસાદ વ્યાસના નામે છે તે મિલકત |
| અમરેલી<br>સ્થાવર મિલ્કત<br>૮૦૨૦૦૧૩૦૪૦૦૧૬૧૯ | મનુભાઈ માત્રાભાઈ વાળા<br>રે. લક્ષ્મીનારાયણ નગર, શેરી નં.–૨, રોકડીયાપરા, ચકકરગઢ રોડ, અમરેલી. | (૧) કાળુભાઈ નાનજીભાઈ નાકરાણી<br>રે. બ્લોક નં.–૩૩, હરિ વિહાર સોસાયટી, લીલીયા રોડ, અમરેલી.<br>(૨) રસીલાબેન બાબુભાઈ સરવૈયા<br>રે. લક્ષ્મીનારાયણ નગર, બ્લોક નં.–૨૭, રોકડીયા પરા, ચકકરગઢ રોડ, અમરેલી. | ૦૨–૦૫–૨૦૨૨<br>૧૪%<br>કરંટ – ૧૨% | મુદલ રકમ : ૫,૦૨,૪૧૦<br>વ્યાજ : ૮૯,૭૦૯<br>અન્ય ખર્ચ :–<br>કુલ : ૫,૯૨,૧૧૯ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ–ડીસ્ટ્રીકટ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામમાં સુધરાઇ હદમાં રોકડીયાપરામાં આવેલ રે.સ.નં.–૩૨૮/૨ પૈકીની જમીન માહેના પ્લોટ નં.–૨૨ પૈકીમાં આવેલ રહેણાંક મકાન જેનુ ક્ષેત્રફળ ૬૧.૮૯ ચો.મી. છે. જે હૈયાત ઇમલા સહ. જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૨૪૫૯, તારીખ : ૨૪–૦૫–૨૦૧૧ ના રોજ મનુભાઈ માત્રાભાઈ વાળાના નામે છે તે મિલ્કત |
| અમરેલી<br>મોર્ગેજ કેશ ક્રેડીટ<br>૮૦૨૦૦૧૩૦૯૦૦૦૦૧૪ | રમણીકભાઈ ધનજીભાઈ ગોલ<br>રે. બ્લોક નં.–૩, જી.ઇ.બી. સોસાયટી, કેરીયા રોડ, અમરેલી. | (૧) ઘનશ્યામભાઈ અમરશીભાઈ કીકાણી<br>રે. જય ખોડીયાર ઓટો સેન્ટર, કીકાણીની વાડી, રોકડીયા પરા પાસે, અમરેલી.<br>(૨) ભુપતભાઈ લાલજીભાઈ ઠોળીયા<br>રે. સૂર્યપ્રતાપગઢ તા. કુંકાવાવ–વડીયા | ૨૮–૧૦–૨૦૨૧<br>૧૫%<br>કરંટ – ૧૨% | મુદલ રકમ : ૧૦,૦૦,૦૦૦<br>વ્યાજ : ૩,૧૫,૫૩૮<br>અન્ય ખર્ચ :–<br>કુલ : ૧૩,૧૫,૫૩૮ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ–ડીસ્ટ્રીકટ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામમાં કેરીયા રોડ રસ્તે આવેલ રે.સ.નં.૨૭૭/૪ પૈકીના પ્લોટ નં.–૩, બ્લોક નં. ૩, ની જમીનમાં આવેલ વિધુતનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટીમાં આવેલ રહેણાંક મકાન જેનુ ક્ષેત્રફળ ૩૬૯–૦૦ ચો.મી. છે. જે હૈયાત ઇમલા સહ. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૯૪૪, (નવો નંબર–૧૭૨ તા. ૨૮–૦૧–૧૯૯૯) તારીખ : ૧૯–૦૫–૧૯૯૨ ના રોજ રમણીકભાઈ ધનજીભાઈ ગોલના નામે નોંધાયેલ છે. તે મિલકત. |
| અમરેલી<br>મોર્ગેજ કેશ ક્રેડીટ<br>૮૦૨૦૦૧૩૦૯૦૦૦૦૨૩ | રસીકભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી<br>રે. સુખનાથ પરા, શેરી નં.–૭, અમરેલી. | (૧) ગુજ.લક્ષ્મણભાઈ જાગાભાઈ સાંગાણી ના વારસદાર રસીકભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી<br>રે. સુખનાથ પરા, શેરી નં.–૭, અમરેલી. | ૨૩–૦૯–૨૦૧૫<br>૧૫%<br>કરંટ – ૧૨% | મુદલ રકમ : ૧૩,૦૦,૦૦૦<br>વ્યાજ : ૨૩,૭૬,૧૮૩<br>અન્ય ખર્ચ :–<br>કુલ : ૩૬,૭૬,૧૮૩ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ–ડીસ્ટ્રીકટ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે સુધરાઇ હદમાં સુખનાથ પરા શેરી નં.–૭ માં આવેલ રે.સ.નં.–૯૪/૧ પૈકીના પ્લોટ નં.–૧૭ જમીનમાં આવેલ રહેણાંક મકાન જેનુ ક્ષેત્રફળ ૩૩૬–૧૮ ચો.મી. છે. જે હૈયાત ઇમલા સહ. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૨૪૧૫ તારીખ : ૧૭–૧૦–૧૯૮૧ ના રોજ લક્ષ્મણભાઈ જાગાભાઈ સાંગાણીના નામે નોંધાયેલ છે. તે મિલ્કત. |
| અમરેલી<br>સ્થાવર મિલ્કત<br>૮૦૨૦૦૧૩૧૧૦૦૦૩૪૧ | તારક દિનેશભાઈ મકવાણા<br>રે. નારાયણ કૃપા, શેરી નં.–૬, રામનગર, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી. | (૧) દિનેશભાઈ ગલાભાઈ મકવાણા<br>રે. નારાયણ કૃપા, શેરી નં.–૬, રામનગર, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી.<br>(૨) કિશોરભાઈ ગલાભાઈ મકવાણા<br>રે. જીવન મુકતેશ્વર મંદીર પાછળ, ITI સામે, હાઉસીંગ બોર્ડ, અમરેલી. | ૨૩–૦૬–૨૦૨૧<br>૧૫%<br>કરંટ – ૧૪% | મુદલ રકમ : ૩,૧૪,૮૧૮<br>વ્યાજ : ૧૯,૨૮૭<br>અન્ય ખર્ચ :–<br>કુલ : ૩,૩૪,૧૦૫ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ–ડીસ્ટ્રીકટ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામમાં બ્રાહ્મણ સોસાયટી પાસે આવેલ રે.સ.નં.–૧૨૧/૧ પૈકીના સીટી સર્વે નં.–૨૦૮ પૈકી માહેના પ્લોટ નં.–૧૫૫ પૈકીમાં આવેલ રહેણાંક મકાન જેનું ક્ષેત્રફળ ૪૧–૮૧ ચો.મી. છે. જે હૈયાત ઇમલા સહ. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૬૨૩, તારીખ : ૧૨–૦૭–૨૦૦૦ ના રોજ દિનેશભાઈ ગલાભાઈ મકવાણા ના નામે નોંધાયેલ છે. તે મિલ્કત. |

તારીખ : ૧૧–૦૯–૨૦૨૩, અમરેલી

અધિકૃત અધિકારી, અમરેલી નાગરિક સહકારી બેંક લી., હેડ ઓફીસ, અમરેલી

પી.એસ.આઈ. ડાંગર અને તેમની ટીમે બાતમીનાં આધારે સફળ રેડ કરી

# વડિયાનાં દેવળકી ગામેથી શ્રાવણીયા જુગાર પર ત્રાટકતી પોલીસ

## ૩૭૬૦૦/–ની રોકડ સાથે ૧૦ પત્તાપ્રેમીઓ પર ગુનો નોંધતી પોલીસ

વડિયા, તા. ૧૧

શ્રાવણ માસમાં ભકિતની સાથે જુગારની પણ મોસમ પૂર બહારમાં ખીલતી જોવા મળે છે. તેથી શ્રાવણીયા જુગારને ડામવા પોલીસ પણ એકશન મોડમાં જોવા મળતી હોય છે. ત્યારે વડિયાનાં દેવળકી ગામે રામનાથ દાદાનાં મંદિર પાસેની વાડીમાં જુગાર રમાતો હોય તેવી બાતમી મળતા વડિયા પોલીસ દ્વારા તે જગ્યા પર રેડ કરતા રૂપિયા ૩૭,૬૦૦/–ની રોકડ સાથે દસ શકુનીઓને એક ઈકો ગાડી સાથે વિજય ભરખડા, જયદીપ ભેસાણિયા, સુખદેવ તગમડિયા, અશ્વિન સોજીત્રા, હિતેશ સાવલિયા, રાહુલ તગમડિયા, યોગીરાજ કોટીલા, દેવેન્દ્ર વાળા અને ગિરીશ રાજયગુરૂ પર જુગાર અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ રેડમાં વડિયા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઇ ડાંગર, પી.ડી. કાલસરીયા, સતિષગીરી ગોસાઈ, આર.કે. વરૂ, ભવદીપ જાની અને સંજય શિયાળ દ્વારા સફળ રેડ કરવામાં આવી હતી. વડિયાનાં ગ્રામીણ વિસ્તારમાં પોલીસની જુગારીઓ સામેની બાઝ નજરથી પત્તા પ્રેમીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

# સા.કુંડલા : શ્રી મહાપ્રભુજી બેઠકજી ખાતે નંદ મહોત્સવ ઉજવાયો

સાવરકુંડલા, તા. ૧૧

ભગવાન શ્રી કૃષ્ણનાં પ્રાગટય ઉત્સવ નો જન્માષ્ટમીનો બીજો દિવસ વૈષ્ણવો દ્વારા નંદ મહોત્સવ તરીકે હજારો વરસથી ઉજવવામાં આવે છે તે મુજબ આ વરસે પણ શ્રી મહાપ્રભુજી બેઠકજીમાં અતિ આનંદ ઉલ્લાસભેર પ્રજ્ઞાબેન કીર્તીકુમાર રૂપારેલનાં મુખ્ય મનોરથી પદે નંદ મહોત્સવ ખુબ જ ભાવપુર્વક ઉજવવામાં આવેલ. જેમાં જન્માષ્ટમીનાં દિવસે હિંડોળા દર્શન અને નોમનાં દિવસે સવારે ૧૦/૩૦ કલાકે પલના મહોત્સવ અને ૧૨ કલાકે રાજભોગ દર્શન બાદ ઉપસ્થિત વૈષ્ણવોને શ્રી કૃષ્ણનાં પ્રાગટય ઉત્સવ નિમિત્તે ભાવ–પ્રેમથી મહાપ્રસાદ લેવડાવી રૂપારેલ પરિવારે ધન્યતા અનુભવી હતી. રૂપારેલ પરિવારે ભગવાન શ્રી કૃષ્ણનાં જન્મ ઉત્સવ મનાવી વૈષ્ણવોને સુંદર રાહ બતાવેલ છે.

અલૌકિક મનોરથના મનોરથી થવાનો લાભ મળવા બદલ શ્રી મહાપ્રભુજી બેઠકજી ની તમામ કમિટિનો તેમજ કીર્તનકાર ગોપાલભાઈ સૂરજવડી વાળા તથા તેમની સાથે મનસુખભાઈ બાબુભાઈ વીગરે તેમજ આ ઉત્સવમાં સાથ સહકાર આપનાર તમામ વૈષ્ણવોનો મનોરથી રૂપારેલ પરિવાર વતી શ્યામભાઈ રૂપારેલે આભાર વ્યકત કર્યો હતો.

# અમરેલી : લાભાર્થી પ્રાથમિક કે સામુહિક આરોગ્ય કેન્દ્ર અથવા ગ્રામ પંચાયતનો સંપર્ક કરી આયુષ્યમાન કાર્ડ કઢાવી શકશે

અમરેલી, તા.૧૧

રાજયમાં ગંગા સ્વરૂપા યોજનાનાં લાભાર્થીઓને આરોગ્ય વિષયક વધુ લાભ મળી રહે તે ઉદેશ્ય સાથે રાજય સરકાર દ્વારા મહત્વનાં નિર્ણયો કર્યા છે.

ગુજરાત સરકારની ફલેગશિપ યોજના છે.જેમાં અમરેલી જિલ્લામાં ઓગષ્ટ–૨૦૨૩નાં અંતે ૨૮,૮૪૨ જેટલા ગંગા સ્વરૂપા બહેનોને દર મહિને રૂા.૧૨૫૦ સહાય ચુકવવામાં આવે છે. આ તમામ લાભાર્થી બહેનોને, ભારત સરકારની નાગરિકોને સ્વાસ્થ્ય અને સુખાકારી માટે આયુષ્માન ભારત યોજના અમલી છે. તેમાં સમાવિષ્ટ કરવામાં આવશે. લાભાર્થી પરિવારને રૂા.૧૦ લાખની મર્યાદામાં આરોગ્યલક્ષી સારવાર મફત આપવામાં આવે છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય ।યોજનાનાં લાભાર્થી પરિવારને પણ પીએમજેએવાય આયુષ્માન કાર્ડ યોજના ।હેઠળનાં લાભ મળે તે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગની ક્ષેત્રીય કચેરીઓ દ્વારા આ અંગે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

ગંગા સ્વરૂપા યોજનાનાં તમામ લાભાર્થી પરિવારોને આયુષ્માન કાર્ડ યોજનાનો લાભ મળે તે હેતાુથી, લાભાર્થીએ આધારકાર્ડ, રેશન કાર્ડ અને આવકનો દાખલો લઈ નજીકનાં પ્રાથમિક કે સામુહિક આરોગ્ય કેન્દ્ર અથવા ગ્રામ પંચાયતનાં વી.સી.ઈ.નો સંપર્ક કરવો. લાભાર્થીને આયુષ્માન કાર્ડ કઢાવવા માટે કોઈ મુશ્કેલી જણાય તો તેઓ અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરીનાં સંપર્ક નંબર (૦૨૭૯૨) ૨૨૬૧૭૭ અથવા ૯૧૦૬૩ ૫૧૩૬૫ અથવા ૯૨૨૭૮ ૯૮૯૧૧ પર સંપર્ક કરી શકે છે. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ચમારડી ખાતે ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાની ઉપસ્થિતિમાં ગામજનો દ્વારા જન્માષ્ટમીની ઉજવણી



બાબરાનાં ચમારડી ગામે ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાની ઉપસ્થિતિમાં ગામજનો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનાં જન્મોત્સવની આસ્થા સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ''રાધે ફાર્મ'' ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે ગામમાં ફરીને રામજી મંદિરે સમાપન થયું હતું. સમસ્ત ગામજનો શોભાયાત્રામાં જોડાયા હતા અને ચમારડી ગામ ગોકુળીયુ ગામ બની ગયું હતું.

# અમરેલી ખાતે લેઉવા પટેલ ચેરિ. ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમીની આસ્થાભેર ઉજવણી



અમરેલી ખાતે લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમી મહોત્સવની શોભાયાત્રામાં ભવ્ય ફલોટ શ્રી ભોજલરામ બાપા તથા સરદાર પટેલનાં સ્ટેચ્યુ પ્રતિક દ્વારા અમરેલી શહેરની નગરયાત્રામાં ભાગ લઈ સમાજનાં પ્રમુખ દિનેશભાઈ ભુવાનાં માર્ગદર્શન દ્વારા સમગ્ર લેઉવા પટેલ સમાજ વતી સુંદર જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આ વલી. આ તકે આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ ડો. પ્રવિણભાઈ તોગડીયા હાજર રહેવાના હોય ત્યારે ડો. જી.જે. ગજેરા દ્વારા ખાસ કાર્યક્રમો આયોજીત થયા હતા. આ શોભાયાત્રામાં ઘનશ્યામભાઈ સોરઠીયા, ગોપાલભાઈ કચ્છી, ભીખુભાઈ કાબરીયા, અરજણભાઈ કોરાટ, સંજયભાઈ રામાણી, નિલેશભાઈ મુલાણી, ભાવેશભાઈ કાબરીયા, દિનેશભાઈ સાવલીયા, જગદીશભાઈ તળાવીયા, કાંતિભાઈ વઘાસીયા, ડી.કે. રૈયાણી, સુરેશભાઈ દેસાઈ, રમેશભાઈ કાથરોટીયા, રાજુભાઈ ગઠીયા, રાજુભાઈ ઝાલાવાડીયા, નરેશભાઈ સાકરીયા, દયાળભાઈ સંઘાણી, રીધેશભાઈ નાકરાણી, એન.કે. સાવલિયા, રમેશભાઈ બાબરીયા, મુકેશભાઈ પટેલ, કોટડીયા, ઉમેશભાઈ, જયેશભાઈ, સાવનભાઈ, ગૌરવભાઈ, વાટલીયા, કીકાણી, સાવલીયા તેમજ કોર કમીટી, કારોબારી કમીટી, સહકાર કમીટી, સલાહકાર સમીતી ખાસ હાજર રહી હતી. તેવું સમાજની યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું વેરાવળ–બનારસ રેલ્વેનું

લાઠી સુધી નવી ટ્રેનમાં મુસાફરી પણ કરવામાં આવેલ હતી.

**વડિયા**

વડિયા રેલવે સ્ટેશન ખાતે ભાજપના આગેવાનો અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મિતુલ ગણાત્રા, વડિયા–કુંકાવાવ તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત દંડક તુષારભાઈ ગણાત્રા, વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા, છગનભાઈ ઢોલરીયા, અનિભાઈ મહેતા, બહાદુરભાઈ ભેડા અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ટ્રેનનું અને તેના પાઈલોટનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે અમરેલી જિલ્લાના લોકોમા લાંબા રૂટની ટ્રેન શરૂ થતાં ખુશીનો માહોલ જણાયો હતો. છેલ્લા કેટલાંક વર્ષોથી વડિયા–કુંકાવાવ શહેરમાં મિટરગેઈજમાંથી બ્રોડગેઈજ ટ્રેનની માંગણીઓ હતી તે પુર્ણ કરી.

**કુંકાવાવ**

કુંકાવાવમાં આજે વેરાવળ થી બનારસ રૂટની નવી ટ્રેન શરૂ કરવામાં આવતાં કુંકાવાવ રેલ્વે સ્ટેશને તેમને આવકારવા મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી જયારે રાજકીય આગેવાનોમાં સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજુભાઈ કાબરીયા, મહિલા મોરચાના ભાવનાબેન ગોંડલીયા સહિતનાં જિલ્લાનાં નેતાઓની ઉપસ્થિતિમાં નવી ટ્રેનનું સ્વાગત તેમજ લીલીઝંડી આપીને રવાના કરવાનો સહિત કાર્યક્રમ તાલુકા ભાજપ ટીમ તથા પંચાયત ધ્વારા આયોજન કરવામાં આવ્યો હતો. જેમાં શહેરનાં આગેવાનો તેમજ તાલુકાનાં આગેવાનો તેમજ આસપાસનાં ગામડાનાં લોકો તેમજ શહેરનાં જાગૃત લોકો અને મહિલાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ટ્રેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ધ્વારા જણાવાયું હતું કે, આ ટ્રેન બે દિવસ પડતર રહેશે તેને વેરાવળ–મુંબઈ રૂટમાં ચલાવીને આગામી દિવસોમાં ઉપયોગ કરવામાં આવશે તેમજ સ્થાનિક જાગૃત લોકોએ કુંકાવાવ જુની ટ્રેન જે ચાલું હતી તે વેરાવળ–અમદાવાદ જે બંધ છે તે પુનઃ ચાલું કરવી અને સુરત સહિત લંબાવી સાંસદ તેમજ રેલ્વે ડીઆરએમ સમક્ષ માંગ કરી હતી. જયારે આગામી દિવસોમાં વધુ ટ્રેનની સુવિધા મળે તે માટે સાંસદ ધ્વારા તમામ પ્રયત્ન કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. આમ લોકોએ ઉત્સાહ સાથે ટ્રેનનું ભવ્ય સ્વાગત કરી રેલ્વે પ્રત્યેનો પ્રેમ દર્શાવ્યો હતો.

**ચિતલ**

અમરેલીના ચિત્તલ રેલવે સ્ટેશન ખાતે પહોંચતા સાંસદ નારણભાઈ કાછડીયા તેમજ ગુજરાત વિધાનસભાના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા ટ્રેનને લીલીઝંડી બતાવવામાં આવી હતી. આ તકે ચિત્તલ અને જશવંતગઢ ગામના રાજકીય આગેવાનો તેમજ વેપારી એસોસિએશન દ્વારા નારણભાઈ તેમજ કૌશિકભાઈનું હાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. આ લાંબા રૂટની રેલવે સેવાનો લાભ મળતા ગામ લોકોમાં આનંદ ઉત્સાહની લહેર દોડી હતી. તેમજ ચિત્તલ અને જસવંતગઢ ગામના લોકોએ મોટી સંખ્યામાં રેલ્વે સ્ટેશને હાજર રહી ટ્રેનના વધામણા કર્યા હતા. આ તકે ચિતલ ગુરૂકુળ સ્વામી હરિચરણદાસજી, અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય સુરેશભાઈ પાથર, રાજકીય આગેવાન વિજયભાઈ દેસાઈ, ધામી ટીમ્બર માર્ટના કાળુભાઈ ધામી, ચિતલ ઉપસરપંચ રઘુવીરસિંહ સરવૈયા, જયેશભાઈ નાકરાણી, વેપારી એસોસિએશનના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા, તાલુકા પંચાયતના જે.બી. દેસાઈ, રંજનબેન ડાભી, મહિલા મોરચાના રંજનબેન બાબરીયા, દશરથસિંહ સરવૈયા, જયંતીભાઈ દેસાઈ, રાજુભાઈ ધાનાણી, પ્રવીણભાઈ તેરવાડીયા સહિતના આગેવાનો અને કાર્યકરો તેમજ ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ચોકીદાર વગરનાં ટાવરને શિકાર બનાવતા હતા

# બાબરા : સૌરાષ્ટ્રનાં જુદા જુદા વિસ્તારોમાં BSNL મોબાઈલ ટાવરમાં ચોરી કરનાર ઝડપાયા

### જામનગરની એક ગેંગનાં એક આરોપીની અટકાયત

અમરેલી, તા. ૧૧

સૌરાષ્ટ્ર વિસ્તારનાં અલગ અલગ જિલ્લાઓમાં બી.એસ.એન.એલ. ટાવરનું લોકેશન મોબાઈલ ફોન દ્વારા સર્ચ કરી અને ચોકીદાર વગરનાં બી.એસ.એન.એલ. ટાવરમાં ચોરીને અંજામ આપતી જામનગરની ગેંગનો પર્દાફાશ કરી અને એક આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે. આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર બાબરામાં આવેલ કરીયાણા રોડ પરની બી.એસ.એન.એલ. ટેલીફોન એક્ષ્ચેન્જની બિલ્ડીંગમાં ગત તા. ૫નાં રાત્રીનાં આશરે ત્રણેક વાગ્યાનાં અરસામાં રાત્રીનાં સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ટેલીફોન એક્ષ્ચેન્જ ફ્રેમમાં ચડાવેલ એક્ષ્ચેન્જ કાર્ડ(સી–ડોટ) નંગ–૫૦ તેમજ બીલ્ડીંગની ઓફિસમાં પડેલ એક્ષ્ચેન્જ કાર્ડ (સી–ડોટ) નંગ–૧૫૦ એમ કુલ નંગ–૨૦૦) જેની કિંમત આશરે રૂા. ૬૦,૦૦૦/–ની ચોરી કરવાના ઈરાદે લઈ જવા માટે પ્લાસ્ટીકનાં કોથળામાં ભરી બિલ્ડીંગનાં પાછળનાં ભાગે લઈ જઈ શટર ઉંચુ કરી તથા ફેન્સીંગ તાર કાપી લઈ જવા પ્રયાસ કરતા હોય ત્યારે આજુબાજુમાં રહેતા માણસો જાગી જતાંઅને બિલ્ડંગ પર લાઈટ કરતા અજાણ્યા ચોર ઈસમોએ



એક્ષ્ચેન્જનાં કાર્ડ(સી–ડોટ) ભરેલ કોથળા મુકી નાશી જઈ ગુન્હો કરેલ હોય જે ગુન્હાના કામે બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ભંગારનાં ડેલા તેમજ સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવેલ તેમજ ખાનગી રાહે મળેલ બાતમી મળતા આરોપી જામનગરનાં ખંભાળીયા હાઈવે પર ગુરૂકુળ સ્કૂલ પાસે રહેતા અર્જુનભાઈ ભુપેશભાઈ પરમાર નામના ઈસમ શંકાસ્પદ રીતે મળી આવેલ જેમની પુછપરછ દરમિયાન પોતે કબુલાત આપેલ હતી. આરોપી અર્જુનભાઈ ભુપેશભાઈ પરમારે જણાવ્યાં અનુસાર ગત તા. ૫નાં રોજ બાબરા કરીયાણા રોડ પર આવેલ બી.એસ.એન.એલ. ટેલિફોન એક્ષ્ચેન્જની ઓફીસમાં પોતે તથા તેમના મિત્રો સાથે એક ભાર વાહક રીક્ષા તેમજ એક પેસેન્જર રીક્ષા હોય જે બંન્ને રીક્ષા લઈ ચોરી કરવા આવેલ હોય જે દરમ્યાન ત્યાં આજુબાજુમાં રહેતા રહીશ જાગી જતાં પોતે પોતાની રીક્ષાઓ બાવળની કાંટમાં છુપાવી નાશી ગયેલ હોય અને ચોરી કરવાનાં ઈરાદે આવેલ હોવાની કબુલાત આપતા હોય જે આરોપીને ગુન્હામાં ઉપયોગમાં લેવાયેલ ઓટો રીક્ષા નંગ–૨ તેમજ મોબાઈલ ફોન સહિત રૂા. ૬,૦૫,૦૦૦/– સહિત આરોપીને બાબરા પોલીસ ટીમ પકડી પાડી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

### આગામી રવિવારે બપોરે બેઠક યોજાશે

# અમરેલી જિલ્લાનાં બ્રહ્મસમાજની નવી કારોબારીની નિમણુંક કરાશે

### મહામંત્રી પાર્થિવભાઈ જોષીએ ભુદેવોને ઉપસ્થિત રહેવા જણાવ્યું

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં વસતા સૌ ભૂદેવોને જણાવવાનું કે, જિલ્લા બ્રહ્મસમાજની હયાત વરિષ્ઠ બોડીની મુદત સપ્ટેમ્બર–૨૦૨૩ માં પુર્ણ થનાર હોય જેથી નવી જિલ્લા કારોબારીની રચના માટે જિલ્લામાં વસતા અને સૌરાષ્ટ–કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનાં આજીવન સભ્ય તરીકે નોંધાયેલ સૌ ભુદેવોની અગત્યની બેઠક તા. ૧૭/૯/૨૦૨૩ને રવિવારનાં બપોરનાં શશાંક મહાજન પાર્ટી પ્લોટ ખાતે રાખેલ છે. તો સૌ ભૂદેવોએ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે. તેમ એક યાદીમાં મહામંત્રી પાર્થિવભાઈ જોષીએ જણાવેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું

## સાજીયાવદર ગામનાં પાટીયા નજીક

થયાં હતાં. જયારે કાર ચાલક તથા તેમની બે દીકરીઓને શરીરે ઈજાઓ તથા ફેકચર થયેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ ઘોઘલા (દીવ) ગામે રહેતા પ્રદીપભાઈ વીરાભાઈ બારીયા ગઈકાલે બપોરના સમયે પોતાના હવાલા વાળી સ્વીફટ ફોરવીલ ગાડી નંબર ડીડી–૦૨–જી –૦૯૭૭ વાળી લઈને તેના પરિવારનાં સભ્યો જેમાં હેમલતાબેન તથા તારાબેન તથા ઉન્નતીબેન તથા મયુરીબેન સાથે ગોંડલથી દિવ આવતા હતા.ત્યારે અમરેલી ચલાલા રોડ ઉપર આવેલ સાજીયાવદર ગામના પાટીયા પાસે પહોંચતા કાર ચાલક પ્રદીપભાઈએ પોતાના હવાલાવાળી સ્વીફટ ગાડી પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી ગાડી ઉપરનો પોતાનો કાબુ ગુમાવી દેતા ફાર વ્હીલ ગાડી રોડની સાઈડમાં આવેલી લીમડાના ઝાડ સાથે ભટકાવી દેતા જેમાં તારાબેન તથા હેમલતાબેનને આ વાહન અકસ્માતમાં ગંભીર ઈજા થતા મરણ ગયેલ છે તેમજ કાર ચાલક પ્રદીપભાઈ તથા તેમની દીકરી ઉન્નતીબેન તથા મયુરીબેનને શરીરે ઈજાઓ તથા ફેકચર થયેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં માંગવાપાળ ગામે તરૂણીનું

સુતા હતા ત્યારે ગત તા. ૮ નાં રાત્રીનાં સાડા અગિયારેક વાગ્યાના સમયે સાત થી આઠ જેટલાં અજાણ્યા માણસો ત્યાં લાકડીઓ લઈ આવી પરપ્રાંતિય તરૂણી ભોગ બનનારનું અપહરણ કરવાના સમાન ઈરાદે, રાત્રીના સમયે વાડીમાં આવેલ ફર્જાનો દરવાજો તોડીને ફરજામાં અપપ્રવેશ કરી, અંદર સુતેલા પરપ્રાંતિય પરિવારને લાકડીઓ બતાવી, 'કોઈ ઉભા ના થતા નક્કર હમણા જ દઉ છું' તેમ કહી માર મારવાની ધમકી આપી, આરોપીના હાથમાં રહેલ લાકડી પરપ્રાંતિય પરિવારને માર મારવા ઉંચી કરી, આ પરિવારમાં રહેલી એક ૧૫ વર્ષિય તરૂણીનું બાવડુ પકડી ઉભી કરતા ભોગ બનનાર તરૂણીએ રાડો નાખી ત્યાં રહેલ ખાટલો પકડી લેતા આરોપીએ તરૂણીને બે લાફાઓ મારી, તેણીનું મોંઢુ દબાવી, દઈ તથા ત્યાં રહેલ મોબાઈલ ફોન નંગ બે, કિંમત ૧૦ હજારની લૂંટ ચલાવી હતી. અને જતાં જતાં, લૂંટારૂઓએ કહેલ કે 'હવે તારે જેટલાને બોલાવવા હોય એને બોલાવ' તેમ કહી લૂંટારૂઓ ત્રણ મોટર સાયકલમાં બેસી પરપ્રાંતિય પરિવારમાં રહેલી એક ૧૫ વર્ષિય તરૂણીને પણ મોટર સાયકલમાં પરાણે બેસાડીને અપહરણ કરી મોટા આંકડીયા અને ત્યાંથી ગોંડલ બાજુ લઈ ગયા અંગેની ફરીયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાતાં પોલીસે નાકાબંધી કરી લૂંટારૂઓને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી શહેરમાં "સબભૂમિ ગોપાલ કી"

ઉપર દબાણ કરેલ. આઠ જેટલાં શખ્સો સામે લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ કરવા હાથ ધરેલ કાર્યવાહીથી દબાણકર્તાઓમાં ભારે ફફડાટ ફેલાયેલ હતો. સને. ૧૯૯૮ માં ફકત જમીન વપરાશ માટે સાત વર્ષનાં થયેલા કરારનો ઉલાળીયો કરી કાચા–પાકા બાંધકામો ખડકી દઈ દબાણકર્તાઓ સામે પાલિકા દ્વારા લાલ આંખ કરવામાં આવતાં ભારે ફફડાટ સાથે શહેરભરમાં ચકચાર જામેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી શહેરનાં હાર્દસમા લાઈબ્રેરી ચોકમાં આવેલ ખુલ્લી જમીન સને.૧૯૯૮ માં શહેરનાં રજાકભાઈ અલીભાઈ કુરેશી, ઈસુફભાઈ વલીભાઈ મોગલ, શબ્બીરબિન હાદીભાઈ તમીમી સહિતને અનુક્રમે ૩૦ ચો.મી., ૬૪ ચો.મી. તેમજ ૩૦ ચો.મી. જમીન નગરપાલિકા દ્વારા સાત વર્ષનાં ભાડા કરારે આપવામાં આવેલ હતી. આ જમીન સને.૨૦૦૪ સુધી જ ભાડા કરાર મુજબ ફાળવવામાં આવેલ હોવા છતાં પણ આ શખ્સોએ જમીન નગરપાલિકાને પરત કરવાનાં બદલે કાચા–પાકા બાંધકામો કરી દબાણ કરેલ હતું. આ દબાણની કરોડો રૂપિયાની કિંમતની જમીન ખાલી કરાવવામાં આવતી ન હોવાની ફરિયાદો નગરપાલિકાનાં સત્તાધિશો કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાને મળેલ હતી. જેમાં ઉપરોકત ત્રણ શખ્સો ઉપરાંત શહેરનાં ગઢની રાંગની દિવાલ સંતોષી માતાનાં મંદિર પાસે, મસ્જીદે તકવાની સામે ફરીદાબેન હનિફભાઈ, સતારભાઈ સુલેમાનભાઈ, હાજીશા હસનશા ફકીર અને હનિફભાઈ આમદભાઈ સહિતનાઓએ બિનઅધિકૃત ઓરડીઓ બનાવી સરકારી જમીન ઉપર કરેલ દબાણ હટાવવા પાલિકા દ્વારા નોટીસ આપવા છતાં પણ નોટીસને પણ ગણકારવામાં ન આવતાં ભાજપ શાસિત પાલિકા દ્વારા પાલિકાનાં ઈતિહાસમાં સૌ પ્રથમવાર આવા તત્વો સામે લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરિયાદ કરવા કાર્યવાહી હાથ ધરી દબાણકર્તાઓ સામે સત્તર વર્ષ બાદ નગરપાલિકા દ્વારા ભરવામાં આવેલાં પગલાં અંગે નગરપાલિકાનાં કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાએ જણાવેલ હતું કે, શહેરમાં ગઢની રાંગ, પાણી દરવાજા, ફુલારા ચોક, સાતમી બારી, બાજીશા દરવાજા, સોમનાથ મંદિર સહિતનાં વિસ્તારોમાંથી આવેલ લોક ફરિયાદોનાં આધારે આવા બિનઅધિકૃત દબાણકર્તાઓ સામે કાનુનીરાહે પગલાં ભરવા કારોબારીમાં તા. ૧/૮/૨૦૨૩નાં રોજ ઠરાવ કરવામાં આવેલ હતો કે આ વિસ્તારનાં તમામ દબાણકર્તાઓ સામે લેન્ડ ગ્રેબીંગ ફરિયાદ દાખલ કરવા અધિકાર આપી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.


## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલો (૧) શ્રી સંગીતાબેન અમરશીભાઈ ઝિંઝુવાડીયા, તથા (૨) શ્રી અમરશીભાઈ ધનજીભાઈ ઝિંઝુવાડીયા, બન્ને રહે.વાધાપરા– ધારી, તા.ધારી, જી.અમરેલીની મિલ્કત અંગે લાગતા– વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ધારી ગામે ખાંભારોડ તરીકે ઓળખાતા વિસ્તારમા આવેલ રે.સ.નં.૪૭૩ ની જમીનમા આવેલ રહેણાંકના હેતુ માટેના પ્લોટ નં.૭ ની જમીન ચો.મી.૯૦–૦૦ ના અમારા અસીલ વેચાણલેખથી માલીક છે.ઉપરોકત રે.સ.નં.૪૭૩ ની જમીન હેકટરઃ૦–૪૧–૬૨ ની અંટાળા નાગરભાઈ વલ્લભભાઈ પાસેથી શ્રી ધકાણ હસમુખલાલ બાબુલાલ, રહે.ધારી નાઓ એ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી, ધારીમા નોંધાયેલ વેચાણલેખ નં.૧૫૯૮ તા.૨૩/૧૧/૨૦૧૧ થી વેચાણ રાખેલ. આ જમીન મહે.કલેકટર સાહેબ, અમરેલીના હુકમ નં.૧૬૦/૧૩/૦૭/ ૦૮૬/૨૦૧૯ તા.૧૩/૧૨/૨૦૧૯ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે., જે માહે આવેલા પ્લોટ નં.૭ ની જમીન ચો.મી.૯૦–૦૦ શ્રી હસમુખલાલ બાબુલાલ ધકાણ ના કુલમુખત્યાર શ્રી કેતનકુમાર હસમુખલાલ ધકાણ પાસેથી શ્રી વ્રજલાલ ઠાકરશીભાઈ ચાવડા એ તા.૩/૧/૨૦૨૦ ના વેચાણલેખ નં.૧૧ થી વેચાણ રાખેલ છે. તેઓ પાસેથી આ પ્લોટ નં.૭ ની જમીન ચો.મી.૯૦–૦૦ ની અમારા અસીલો (૧) શ્રી સંગીતાબેન અમરશીભાઈ ઝિંઝુવાડીયા, તથા (૨) શ્રી અમરશીભાઈ ધનજીભાઈ ઝિંઝુવાડીયા, બન્ને રહે.વાધાપરા– ધારી, તા.ધારી, જી.અમરેલી એ સબ રજીસ્ટ્રારશ્રી, ધારીની કચેરીમા નોંધાયેલ વેચાણલેખ નં.૭૧ તા.૧૩/૧/૨૦૨૩ થી વેચાણ રાખેલ છે. ત્યારથી અમારા અસીલના માલીકી હકકે આવેલ છે.સદરહુ મિલ્કત સબંધે અમારા ઉપરોકત અસીલો (૧) શ્રી સંગીતાબેન અમરશીભાઈ ઝિંઝુવાડીયા, તથા (૨) શ્રી અમરશીભાઈ ધનજીભાઈ ઝિંઝુવાડીયા, એ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૭/૯/૨૦૨૩

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી


## અવસાન નોંધ

**અમરેલી :** શ્રી બાજ ખેડાવાળ બ્રાહ્મણ રમણીકભાઈ પી.મહેતા (નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી) નાં પત્ની રમાબેન (ઉ.૮૨) તે અશોકભાઈ, અશ્વિનભાઈ, રાજુભાઈ, ભાવનાબેનનાં માતા તથા ગૌરવ, તીર્થરાજ, બૈજુ, રિદ્ધિ, પૂજા, શૈલી, નિધિના દાદીનું તા.૧૦ ના રોજ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા.૧૧ ને સોમવારે બપોરે ૩ થી ૬ કલાકે ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ, નાગનાથ બસ સ્ટેશન પાછળ અમરેલી ખાતે રાખેલ છે

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૧૦૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૫ | ૧૩૩૭ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૭૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૩૫૦ |
| ૫ | તલ કાળા | ૧૯૯૦ | ૩૨૬૨ |
| ૬ | બાજરો | ૩૩૩ | ૪૦૦ |
| ૭ | જુવાર | ૭૫૦ | ૧૦૭૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૭૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૪૬ |
| ૧૦ | મગ | ૭૦૦ | ૧૮૦૦ |
| ૧૧ | અડદ | ૧૬૩૦ | ૧૯૨૫ |
| ૧૨ | ચણા | ૬૬૬ | ૧૧૯૩ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૮૦ | ૧૧૩૫ |
| ૧૪ | તુવેર | ૭૦૦ | ૨૧૩૬ |
| ૧૫ | કપાસ | ૯૯૫ | ૧૬૧૦ |
| ૧૬ | રાયડો | ૯૬૫ | ૯૬૫ |
| ૧૭ | રાય | ૯૩૨ | ૯૩૨ |
| ૧૮ | ધાણા | ૮૦૦ | ૧૨૨૨ |
| ૧૯ | સોયાબીન | ૮૭૧ | ૯૩૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૧૦ | ૧૪૭૮ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૨૫૦ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૦૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૫૯૧ |
| ૫ | કપાસ નવો | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૦ |
| ૮ | બાજરો | ૩૪૦ | ૪૦૦ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૮૦૫ |
| ૧૦ | મગ | ૧૭૦૦ | ૧૮૧૧ |
| ૧૧ | અડદ | ૧૭૨૧ | ૧૮૪૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૧૩ | એરંડી | ૧૦૫૦ | – |
| ૧૪ | રાય | ૯૭૦ | ૧૧૮૧ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | – |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૧૧૧ |
| ૨ | કપાસ | ૯૦૧ | ૧૫૭૫ |
| ૩ | બાજરો | ૩૯૦ | ૪૩૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૧ |
| ૫ | જુવાર | ૮૦૧ | ૮૦૧ |
| ૬ | મગ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૭ | ચોળી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૮ | તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૯ | ચણા | ૯૫૦ | ૧૪૦૯ |
| ૧૦ | મેથી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૨ | સોયાબીન | ૯૨૦ | ૯૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૮૦ | ૧૬૨૫ |
| ૨ | મગ | ૧૩૨૫ | ૧૯૮૫ |
| ૩ | ઘઉં | ૪૧૦ | ૫૩૦ |
| ૪ | ચણા | ૯૪૦ | ૧૦૬૦ |

## તાલુકા પંચાયતનાં ભાજપ સદસ્ય પણ નાસી છુટયા

# લીલીયાનાં ક્રાંકચ ગામે જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમીઓની અટકાયત : ૩ પત્તાપ્રેમી નાસી છુટયા

### ભલામણનાં આધારે હાજર થવા તૈયારી શરૂ કરી

લીલીયા, તા. ૧૧

લીલીયાનાં ક્રાંકચ ગામે જુગાર રમતાં તાલુકા પંચાયતનાં ભાજપનાં સદસ્ય સહિતનાં પત્તાપ્રેમીઓ વિરૂધ્ધ પોલીસે જુગારધારા મુજબ કાર્યવાહી શરૂ કરતાં ચકચાર મચી છે. જો કે તાલુકા પંચાયતનાં સદસ્ય જયસુખભાઈ સુરાણી પોલીસ દરોડા દરમિયાન નાસી છુટયા બાદ રાજકીય ભલામણથી પોલીસમાં હાજર થવા તૈયાર થયાનું જાણવા મળેલ છે.



લીલીયા પોલીસ સ્ટેશનનાં પો.સબ.ઈન્સ. એસ.આર. ગોહિલની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનનાં ક્રાંકચ બીટ ઈન્ચાર્જ સી.બી. ટીલાવત અને એ.એસ.આઈ. તથા પો.કન્સ. વિજયભાઈ મંગળુભાઈ ભાલુ તથા પો.કોન્સ. સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા તથા પો.કોન્સ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ તથા પો.કોન્સ. દિલીપભાઈ જયંતિભાઈ ખુંટ તથા પો.કોન્સ. સિધ્ધરાજસિંહ ભરતસિંહ જાડેજાનાઓએ લીલીયા પો.સ્ટે. વિસ્તારમાં આવેલ ક્રાંકચ ગામે આવેલ ગાગડીયા નદીનાં કાંઠા પાસે બાવળની કાંટમાં ગેડ વિસ્તારમાં જાહેર જગ્યામાં જુગાર રમતા કુલ ૦૮ ઈસમોમાંથી ૦૫ ઈસમો રોકડ કુલ કિ.રૂા. ૧૯૦૫૦/– તથા ગંજીપત્તા સાથે આરોપીઓને પકડી પાડવામાં લીલીયા પોલીસ ટીમને સફળતા મળેલ છે. પકડાયેલ આરોપીઓ ૧. વિશાલભાઈ ઝવેરભાઈ કોયાણી, ૨. વિશાલભાઈ ભીખાભાઈ વેકરીયા, ૩. ધવલભાઈ પ્રદિપભાઈ જાની, ૪. હિતેષભાઈ ભનુભાઈ કોરાટ, ૫. મહેશભાઈ કનુભાઈ દુધાત. નાસી ગયેલ આરોપીઓ ૧. દિનેશભાઈ બાબુભાઈ જાદવ, ૨. સંજયભાઈ મધુભાઈ વાઘેલા, ૩. જયસુખભાઈ બાવચંદભાઈ સુરાણી રહે. ક્રાંકચ તા. લીલીયા (તાલુકા પંચાયત સદસ્ય).

આમ, આ સમગ્ર કામગીરીમાં લીલીયા પોલીસ સ્ટેશનનાં પો.સબ.ઈન્સ. એસ.આર.ગોહિલની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનનાં ક્રાંકચ બીટ ઈન્ચાર્જ સી.બી. ટીલાવત, અના. એ.એસઆઈ. તથા પો.કો. વિજયભાઈ મંગળુભાઈ તથા પો.કોન્સ. સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા તથા પો.કોન્સ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ તથા પો.કોન્સ. દિલીપભાઈ જયંતિભાઈ ખુંટ તથા પો.કોન્સ. સિધ્ધરાજસિંહ ભરતસિંહ જાડેજા વિ. સ્ટાફનાં માણસો આ કામગીરીમાં જોડાયા હતાં.

## એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય


# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત તરફથી સમગ્ર વિશ્વને કરાવ્યું વિશ્વદર્શન

### ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પી.એમ.ને અભિનંદન પાઠવ્યાં

અમરેલી, તા. ૧૧

ભારતીય સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરતી વ્યવસ્થા–આયોજન સાથે ભારતના યજમાનપદે પાટનગર ઈન્દ્રપ્રસ્થ, ભારત મંડપમ ખાતે યોજાયેલ જી–૨૦ શિખર સંમેલનની ભવ્ય સફળતાને બિરદાવતા રાષ્ટ્રિય સહકારી નેતા દિલીપ સંઘાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું નેતૃત્વ અને રાજદ્રારી કુટનિતીની ભારોભાર પ્રશંસા કરવા સાથે ''વિશ્વને વાત ગળે ઉતારવા'' એક પૃથ્વી–એક પરિવાર–એક ભવિષ્યની ભાવનાને બળવતર બનાવવાની કલ્યાણકારી નીતી–રીતી શિખર મંત્રણાની જીત છે તેમ જણાવેલ.

જી–૨૦ ની સફળતા એ મોદીજીનો કરિશ્મા છે, રાષ્ટ્રિહિત અને આંતરરાષ્ટ્રિય બાબતોનો ઉકેલ સાધવાનાં રવૈયાથી વિશ્વ નેતાગણ ભારત તરફ



આશા, ઉકેલ માટે અપેક્ષા ધરાવે એ આપણા દેશની મોટી જીત છે. ભારત ભાગ્શાળી છે કે, મોદીજીનું નેતૃત્વ દેશને મળ્યું છે. દિલીપ સંઘાણીએ એ વાતને ગૌરવ સાથે જણાવી કે, મોદીજી ગુજરાતનાં મુખ્યમંત્રી હતાં. ત્યારે તેઓના નેતૃત્વમા કામ કરવાની તક મળી હતી એ મારૂ અહોભાગ્ય છે. ચીનની



વિસ્તારવાદી નિતી, યુધ્ધ લડતા દેશોમાં શાંતિ અને આફ્રિકન દેશોને જી–૨૦ની સભ્યતા પ્રદાન કરવાની સર્વસંમત ઘોષણાની સફળતા ભારતને નવી ઉચ્ચાઈ અપાવી છે. તેમ જણાવી સંઘાણીએ નરેન્દ્રભાઈ મોદી, ભારત સરકાર અને વ્યવસ્થા ટીમને અભિનંદન પાઠવ્યાનું જણાવેલ છે.


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. વિનુભાઇ ભાણાભાઇ ભારોલા
સ્વ.તા. ૮/૯/૨૦૨૨. મુ. ધારી.

પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા, એવા પુણ્યાત્માને પ્રભુ ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.

પંકજભાઇ વિનુભાઇ ભારોલા
સંજયભાઈ વિનુભાઇ ભારોલા
કનુભાઇ ભાણાભાઇ ભારોલા
ધીરૂભાઇ (ડી.બી.) ભાણાભાઇ ભારોલા

મુ. ધારી
જી. અમરેલી.


## અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

સહકાર ભવન, સ્ટેશન રોડ, અમરેલી.

જા.નં./વા.સા.સભા/૬૧/૨૦૨૨–૨૩ તા.૦૮/૦૯/૨૦૨૩

### વાર્ષિક સાધારણ સભાની સુચના

અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલીના સર્વે સભ્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, આ સંસ્થાની સને ૨૦૨૨–૨૩ ના વર્ષની **૬૧મી વાર્ષિક સાધારણ સભા તારીખ :– ૨૪/૦૯/૨૦૨૩ ને રવિવાર ના રોજ સવારે ૧૦–૪૫ કલાકે સ્થળ :– નવી અમર ડેરીના મેદાન, ધારી રોડ, અમરેલી.** મુકામે નીચે દર્શાવેલ કામો માટે મળશે, તો દરેક સભ્યશ્રીઓએ હાજર રહેવા વિનંતી છે.

**: કાર્યસુચિ :**

(૧) તા. ૧૧–૦૯–૨૦૨૨ ના રોજ ભરાયેલ વાર્ષિક સાધારણ સભાની શુધ્ધનોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.
(૨) તા. ૩૧–૦૩–૨૦૨૩ ના રોજ પુરા થતા સને ૨૦૨૨–૨૩ ના વર્ષના વ્ય. કમિટિએ તૈયાર કરેલા અહેવાલ, વ્યાપારી પત્રક, નફા તોટાનું પત્રક, પાકુ સરવૈયુ તથા સને ૨૦૨૨–૨૩નું અંદાજીત બજેટ તપાસી મંજુર કરવા બાબત.
(૩) સંઘની હિસાબ તપાસણી અને ઓડીટ બાબત.
(૪) પેટા નિયમો પ્રમાણે આવતા વર્ષમાં વધારેમાં વધારે જે હદ સુધી વ્ય.કમિટિ ભંડોળ ઉભુ કરી શકે તે હદ મુકરર કરવા બાબત.
(૫) વર્ષ દરમ્યાન થયેલ કામકાજનો અહેવાલ ધ્યાનમાં લઈ આવતા વર્ષ માટે કરવાના કામોની વિચારણા કરવા બાબત.
(૬) વ્યવસ્થાપક કમિટિ અને બીજી કમિટિઓની સભામાં હાજરી આપવા બદલ વ્ય. કમિટિના સભ્યોને આપવાની બેઠક "ફી" તથા ભાડા–ભથ્થાના દર નકકી કરવા બાબત.
(૭) વર્ષ દરમ્યાન હિસાબોનું આંતરીક અન્વેષણ કરવા આંતરીક અન્વેષકની તથા ઈન્કમટેક્ષ એકટ અન્વયે ટેક્ષ ઓડીટ માટે ટેક્ષ ઓડીટરશ્રીની નિમણુક કરવા અને તેનુ મહેનતાણુ નકકી કરવા વ્ય.કમિટિને અધિકાર આપવા બાબત.
(૮) સંસ્થાની જગ્યા, તેના ગોડાઉનો, મશીનરી, અને એવો બીજો માલ–સામાન, ડેડ સ્ટોક, વિગેરે સંતોષકારક સ્થિતિમાં છે કે, નહી ? તેની અને બીજા જરૂરી જણાતા ફેરફાર સબંધી વિચારણા કરવા બાબત.
(૯) સભાના અધ્યક્ષશ્રીની મંજુરીથી બીજા જે કામો રજુ થાય તે.

સિક્કો

**વ્યવસ્થાપક કમિટિના હુકમથી**
**(સુરેશભાઈ આર. સંઘાણી)**
**મેનેજર**
**અ.જી.સ.ખ.વે. સંઘ લી.**

**નોંધ :–** (૧) દરેક સભ્ય સહકારી સંસ્થાએ પોતાના પ્રતિનિધિની નિયુકિત કરતા ઠરાવની નકલ મંડળીના સહી–સીકકા સાથે પાંચ દિવસ અગાઉ મોકલી આપવાની રહેશે. (નમુનો સામેલ છે)
(૨) જો કવોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો તે જ દિવસ તેજ સ્થળે એક કલાક પછી હાજર રહેલા સભ્યો નોટિસમાં જણાવેલ તમામ કામકાજ હાથ ઉપર ધરશે. **(બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે.)**


''અમરેલી એક્સપ્રેસ''

## અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
**amreliexpress7@gmail.com**
પર ફોટોગ્રાફસ મોકલવા.


''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


# અત્રિ અનસૂયા

## આપણા ઋષિઓ...



**સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા**



**સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક**

ગૌરવભેર ઉભા હતા ત્યારે અત્રિને મહાસંહાર અસહ્ય થઈ પડયો. માનવજાતિનું સંતુલન ખોરવાઈ જવાની દહેશત જાગી. આથી અત્રિ, ગૌતમ અને અન્ય પાંચ સપ્તર્ષિઓ યુદ્રભૂમિ પર પ્રગટ થયા.

બરાબર ત્યારે જ યુધિષ્ઠિરે : અશ્વત્થાના હત : ની જાહેરાત કરી. મમત્વનાં માર્યા દ્રોણે મનનું સંતુલન ગુમાવ્યું. જિજીવિષા ત્યાગી, સાથે ક્રોધે માઝા મુકી, દ્રોણને શાંત પાડવા તેમને સત્યધર્મ સમજાવતાં અત્રિએ કહયું : 'હે દ્રોણ ! તમે શરૂથી જ અધર્મને સાથ આપ્યો છે. બ્રાહ્મણધર્મ છોડી ક્ષત્રિયની જેમ યુદ્રરમણે ચડયા છો એ તમારા જેવા વેદાંતાચાર્યને શોભતું નથી. તમે ધર્મપાલન કરો, શસ્ત્ર ત્યાગો, ધર્મમાં મન પરોવી. બ્રહ્માસ્ત્ર જેવા વિનાશક અસ્ત્રપ્રયોગ વડે નિર્દોષ સૈનિકોનો મહાસંહાર કરવા જેવો બીજો કોઈ અધર્મ નથી."

નિઃસ્વાથૃ અને પ્રતિભાપુર્ણ અત્રિઋષિનાં વચને જ દ્રોણે હથિયાર હેઠાં મુકયાં, એટલું જ નહી, પ્રતિશોધની ભાવના પણ ત્યાગીા દીધી અને વિષ્ણુંમાં ધ્યાનસ્થ બની દ્રોણ અંતે મોક્ષગતિને પામ્યા.

મહાભારતનાં યુદ્રસનયે અત્રિ અતિ વૃદ્ર હતા, છતાં કોઈનું હિત કરવાની તત્પરતા ઘટી ન હતી. મહાભારત સાથે તેમનો ધનિષ્ઠ સંબંધ છે, કારણ કે તેઓ કુરૂવંશના મૂળમાં છે. કેવી રીતે ?

ભારતીય ઈતિહાસમાં ચંદ્રવંશી અને સુર્યવંશી રાજવંશો જોવા મળે છે. ઈક્ષ્વાકું, દિલીપ, રઘુ, દશરથ, રામ વગેરેથી સુર્યવંશ દીપે છે. તેમ દુષ્યંત, ભરત, શાંતનું, ભીષ્મ, યુધિષ્ઠિર વગેરેથી ચંદ્રવંશ સોહે છે. કશ્યપનાં પુત્ર સુર્ય સુર્યવંશ સ્થાપ્યો. અત્રિનાં પુત્ર ચંદ્રે ચંદ્રવંશ સ્થાપ્યો. અત્રિ, ચંદ્ર, બુધ એવી ચંદ્રવંશી પરંપરા જોવા મળે છે.

કઠિન તપશ્વર્યા કરવામાં દ્રઢ એવા અત્રિ જાણે અપવાદરૂપ હતા. અન્ય તપસ્વીઓ સોથ તેઓ પણ બ્રહ્મલોકની પ્રાપ્તિ માટે તપ કરવા હતા ત્યારે કારમો દુકાળ પડયો. પરિસ્થિતિ એટલી હદે કરૂણ બની કે લોકો કૂતરા મારીને તેમનું માંસ ખાવા લાગ્યા, પરંતુ ત્યારે પણ અત્રિએ કોઈ પાસે કાંઈ માગ્યું તો નથી. જ, ઉપરાંત યજ્ઞમાંથી મળતી દક્ષિણા કે ભેટ સ્વીકારી નથી.

કથા કહે છે કે શિબિરાજનાં પુત્ર શૈબ્યે યજ્ઞ કર્યો. દક્ષિણામાં પોતાનો પુત્ર આપ્યો. પણ તેનું આયુષ્ય ખુટતાં તે તરત મૃત્યુ પામ્યો. રાજાએ ઉતમ ગામડાં, અનાજ, ભંડારો, વત્સ સાથેની ગાયો, સંશકત બળદો, રત્નો વગેરેની દક્ષિણા સ્વીકારવા ઋષિને વિનંતી કરી.

પરંતુ આ તો અયાચકવ્રતધનારી ઋષિ, તેમણે કહયું : "હે રાજા ! ઉપરથી મધ જેવી લાગતી તમારી દક્ષિણા ઝેર કરતાંય ભયાનક છે.સંયમ અને સંતોષથી જીવનારા અમારૂં તપ ક્ષીણ થાય, માટે જેને જરૂર છે તેવા લોકોને તમારી આ ભેટ વહેંચી ધો." અને રાજાનું કલ્યાણ વાંછતા તે ઋષિ વનમાં ફળફુલ વીણવા ચાલ્યા ગયા.

હઠાગ્રહી રાજાએ ઋષિની પાછળ પોતાનાં મંત્રીને મોકલ્યા અને માણસો મારફત ફળોની મધ્ય રત્નો મુકાવી દીધાં. ઋષિને ખ્યાલ આવી ગયો. એટલે કડક શબ્દોમાં કહયું : 'મને ખબર છે, ફળોની અંદર ઝવેરાત સંતાડયું છે, પણ હું તે સ્વીકારીશ નહી જ.

'રાજાનો દુરાગ્રહ હાર્યો એટલે ગર્વિષ્ઠ રાજા અકળાઈને અધીરો બન્યો. સિદ્ધાંતમાંથી ચલિત ન થનાર ઋષિને હેરાન કરવા તેણે માયાવી યજ્ઞા કરાવી રાક્ષસો ઉત્પન્ન કરવાનુંા નકકી કર્યુ. જે ઋષિને મોતને ઘાટ ઉતારે.

યતુધાનિ નામની રાક્ષસી ઉત્પન્ન થઈ. તેણે સુંદર કમળોવાળું સરોવર ઉત્પન્ન કર્યુ. ઋષિ કમલપુષ્પ લેવા આવ્યા. યતુધાનિએ સર્વનો પરિચય પુછવા માંડયો. ઋષિઓનાં પ્રત્યુતરરૂપ ગુઢાર્થભર્યા શ્લોકો સમજવા તે અશકત હોવાથી સૌને કમલ લેવાની છુટ તો આપી, પણ કમલની દાંડી સોથ તેને ખાઈ જવાનો આગ્રહ રાખ્યો. નિત્યકર્મ બાકી હોવાથી કોઈએ ખાધુ નહી. નિત્યકર્મથી પરવારી ઋષિઓ કમલદલ પાસે આવ્યા ત્યારે તેઓએ જોયું કે કોઈએ આ બધા જ કંદમૂળ ની ચોરી કરી લીધી હતી.

ઈશ્વરેચ્છાને માન આપી સૌ પોતાની ાાતપસાધનામાં વ્યસ્ત બની ગયા. થયું હતુ એવુાં કે છુપા વોશે દેવરાજા ઈન્દ્ર આ ઋષિમંડલમાં ઘુસી ગયા હતા. એન એમણે ચોરી કરી હતી.

પરંતુ ઋષિઓની ક્ષમાવૃતિ અને સંયમ જોઈ ઈન્દ્ર ખુશ થઈ ગયા. તેઓ બધા ઋષિઓને સ્વર્ગમાં લઈ ગયા. જેમાં અત્રિઋષિનો પણ સમાવેશ થયો હતો. ઋષિ કઠોર પરીક્ષા પાર કરી ગયા.

કથામાં તથ્ય કેટલું ? આ કથાનુંા હાર્દ એ જ કે અત્રિ તદન નિર્લોભી, સંયમી, નિઃસ્પૃહી અને અયાચકવ્રતી હતા. તલવારની ધાર પર ચાલતા અને તેમા સફળતા પામવા સમર્થ અત્રિઋષિ કંઈક જુદી જ માટીનાં માનવી હતા. તેથી તો તેઓ મહર્ષિ કહેવાયા. વળી અનસુયા જેવી પતિવ્રતા તપસ્વિની પત્ની પામ્યા એ એમની બેવડી સિદ્વિને જીવનસાફલ્ય.

વિશ્વને યાતનાંમાથી ઉગારવાનો ભેખ લીધો છે એવા અત્રિએ બ્રાહ્મણધર્મ ( **ક્રમશ :**)

# લાઠી : તા.૨૭ સપ્ટેમ્બરે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૧૧

સપ્ટેમ્બર – ૨૦૨૩નો લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો મોડામાં મોડા તા.૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરે ૩ વાગ્યા સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ મારફતે મળી જાય તે રીતે પહોંચતા કરવા. સામુહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવા. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


# સા.કુંડલા પાલિકાનાં પ્રમુખપદે અઢી વર્ષ સુધી વિકાસકાર્યો કરનારા દિપ્તિબેન રાજુભાઈ દોશીનું સન્માન









સાવરકુંડલા શહેરને સુવર્ણ કુંડલા બનાવવાનાં ધ્યેયથી પાલિકાનાં પ્રમુખ પદે અઢી વર્ષ પૂર્ણ કરનારા પાલિકા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીનાં પ્રમુખ પદનાં કાર્યકાળનો અસ્મરણીય વિદાઈ સમારંભ સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો ને પાલિકા પ્રમુખ પતિ રાજુભાઈ દોશીની સુજબુજ અને ભાજપ કોંગ્રેસનાં સદસ્યોને સાથે રાખીને ચાલવાની કાર્યપદ્ધતિની તમામ મંચસ્થ નેતાઓએ પ્રશંસા કરી હતી. સાવરકુંડલા પાલિકામાં પ્રમુખ પદે બિરાજેલા પાલિકાનાં પ્રમુખોનાં ઈતિહાસ જોઈએ તો અનેક આક્ષેપો વિપક્ષ દ્વારા કરવામાં આવે કે શાશક પક્ષમાં પણ સંગઠન સાથે અણબનાવ બને તેવી ઘટનાઓ ઘટતી હોય પણ એકમાત્ર રાજુભાઈ દોશીની ઉડીને આંખે વળગે તેવી કામગીરીઓ જોઈએ તો પાલિકામાં પ્રમુખ પદે બિરાજયા કે તરત જ કોરોનાનો કપરો કાળ આવ્યો મે એમાંથી મહામુસીબતે બહાર આવ્યા ત્યાં તાઉતે વાવાઝોડું ત્રાટકયુંને પાલિકા પ્રમુખ અને ભાજપ સંગઠન સહિત ભાજપનાં નેતાઓ શહેરીજનોની મુશ્કેલીઓમાં ખડેપગે સાથે ઉભા રહ્યા ત્યારે આખું પાલિકા તંત્ર દિવસ રાત જોયા વિના કામે વળગી ગયેલ અને પાલિકાના તમામ વિસ્તારોમાં શહેરીજનોને 'પોતીકા' બનીને કામગીરી કરનારા પાલિકા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીની કુનેહ અને શહેરીજનો પ્રત્યેની ભાવનાઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. જયારે અન્ય પાલિકામાં જોઈએ તો સદસ્યોમાં વિરોધ, પાલિકાના કર્મીઓમાં સતાધીશો પ્રત્યે નારાજગી કે પછી નળ, ગટર, રોડ રસ્તા માટે કયારેય પાલિકામાં હલ્લાબોલ કે મંડપ નખાયા હોય તેવી ઘટના ઘટી ના હોવાનો અહેસાસ તૃપ્તિબેન રાજુભાઈ દોશીનાં શાસનમાં જોવા મળ્યો હતો તો આજદિન સુધી કયારેય પાલિકાનાં રોજમદાર કર્મીઓએ પગાર વધારો કે પગાર બાકી રહેતા હોય તેવી એકપણ ઘટના ઘટી નથી ને પાલિકા પ્રમુખના વિદાઈ સમારંભ અગાઉ પગાર ચૂકતે કરીને જવાની અભૂતપૂર્વ સિદ્ધિ પાલિકા પ્રમુખ તૃપ્તિબેન દોશીએ સિદ્ધ કરી હતી. જેના ફળ સ્વરૂપે આજે વિદાઈ સમારંભમાં ભાજપનાં નેતાઓ અને કોંગ્રેસનાં સદસ્યો, આગેવાનો પણ વિદાઈ સમારંભમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે સાંસદ નારણભાઈ કાછડીયાએ સાથે રહીને ચાલવાની પાલિકા પ્રમુખની કામગીરી અને એકપણ રોડ રસ્તાઓ સાવરકુંડલા શહેરમાં બાકી ના રહે તેવી સતત ચિંતાઓ કરતા પાલિકા પ્રમુખની કામગીરીની સરાહના કરી હતી ને આગામી દિવસોમાં સાવરકુંડલા શહેરને નવા પાલિકા પ્રમુખ મળશે. તેને રાજુભાઈ દોશીનુ માર્ગદર્શન મળી રહેશે ને શહેરનો વિકાસ વધુ ઉડીને આંખે વળગે તેવો થશે તેવું સાંસદ કાછડીયાએ જણાવ્યું હતું. જયારે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ અઢી વર્ષમાં કુદરતી આફતો અને પાલિકા પ્રત્યે નિષ્ઠાથી કામગીરી કરવાની ક્ષમતા અંગે રાજુભાઈ દોશીની સરાહના કરી હતી તો જીવલેણ બીમારી કેન્સરમાંથી પણ નવજીવન પ્રાપ્ત કરનારા રાજુભાઈ દોશીની શહેરીજનો માટે કરેલા સારા કાર્યો આશીર્વાદરૂપ બન્યા હોવાનું જણાવ્યું હતું. જયારે સાથે લઈને ચાલવાની રાજકીય કુનેહ થકી ત્રણ ત્રણ વાર પાલિકાનું સુપેરે શાશન ચલાવ્યું એજ સિદ્ધિ ગણાવી હતી. જયારે પાલિકાના દરેક કર્મીઓએ પાલિકા પ્રમુખને મોમેન્ટો શાલ ઓઢાડીને સન્માનિત કરવાની તક મળી હતી ને પારિવારિક ભાવનાઓ અંકિત કરનારા પાલિકા પ્રમુખ રાજુભાઈ દોશીને વિદાઈ સમારંભ માં કર્મીઓની આંખોનાં ખૂણાઓ ભીના થઈ ગયા હતા તેવી અકલ્પિત ચાહના પ્રાપ્ત થઈ હોય તેવી પ્રતીતિ જોવા મળી હતી. જયારે વિદાઈ સમારંભમાં જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ, શહેર ભાજપ પ્રમુખ , કેશુભાઈ વાઘેલાએ અઢી વર્ષમાં કરેલા સુકાર્યોનું વર્ણન અને કામગીરીની સરાહના કરી હતી. જયારે તાલુકા ભાજપ પ્રમુખ, જિલ્લા પંચાયતનાં ચારેય સદસ્યો, તાલુકા પંચાયત પ્રમુખ, સહીતનાં નાના થી લઈને મોટા અગ્રણી આગેવાનોએ પાલિકા પ્રમુખ રાજુભાઈ દોશીની ટર્મની સરાહના કરી હતી ને ચિક્કાર માનવ મેદની વચ્ચે પાલિકા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીનો વિદાઈ સમારંભ એક પારિવારિક સમારંભ બની ગયો હોવાનો અહેસાસ જોવા મળ્યો હતો. નગરપાલિકા કર્મચારી મંડળે વિદાય સમારંભ યોજેલ અને તૃપ્તિબેન રાજુભાઈ દોશીને સન્માનિત કરેલ.

## સહકારી અગ્રણી અને બેન્કનાં સ્વપ્નદ્રષ્ટા પી.પી. સોજીત્રાની જહેમતથી

# અમરેલી નાગરિક સહકારી બેન્કનું સમગ્ર બોર્ડ અને હોદ્દેદારો બિનહરિફ

**ચેરમેન તરીકે જયેશ નાકરાણી અને વાઈસ ચેરમેન તરીકે ભાવિન સોજીત્રા બિનહરિફ**

**બેન્કનાં મેનેજીંગ ડિરેકટર તરીકે શૈલેષ સંઘાણી પણ બિનહરિફ થયા**

**બેન્ક છેલ્લા ૨૨ વર્ષથી શૂન્ય ટકા NPA સાથે વિકાસની હરણફાળ ભરી રહી છે**

**બેન્કનાં નવનિયુકત બોર્ડ અને હોદ્દેદારો પર મિત્રો, શુભેચ્છકો અને બેન્કનાં સભાસદો દ્વારા અભિનંદનવર્ષા**


જયેશભાઈ એમ. નાકરાણી
ચેરમેન


ભાવિનભાઈ જે. સોજીત્રા
વાઈસ ચેરમેન


શૈલેષભાઈ બી. સંઘાણી
મેનેજીંગ ડીરેકટર


પ્રદિપભાઈ પી. સોજીત્રા
ડીરેકટર


ચેતનકુમાર સી. રાવળ
ડીરેકટર


જયંતિભાઈ આર. પટોળીયા
ડીરેકટર


જનકભાઈ એ. વિછીયા
ડીરેકટર


પ્રવિણભાઈ કે. ધાનાણી
ડીરેકટર


જગદીભાઈ આર. સેલાણી
ડીરેકટર


કમલેશભાઈ એસ. ગરણીયા
ડીરેકટર


વનરાજભાઈ કે. પટેલ
ડીરેકટર


અનુબેન ડી. સોજીત્રા
ડીરેકટર


ભાવનાબેન પી. પટેલ
ડીરેકટર


મહેન્દ્રભાઈ એલ. બગડા
ડીરેકટર



જીગ્નેશભાઈ એમ. કાબરીયા
ડીરેકટર


ભરતભાઈ પી. સોરઠીયા
ડીરેકટર


ચિરાગભાઈ એમ. ચાવડા
ડીરેકટર

અમરેલી, તા. ૧૧

અમરેલી નાગરિક સહકારી બેંક લી. ની ચુંટણીમાં સમગ્ર બોર્ડ બિનહરીફ ચુંટાયા બાદ પ્રથમ મીટીંગમાં ચેરમેન તરીકે જયેશ નાકરાણી, વાઈસ ચેરમેન તરીકે ભાવિન સોજીત્રા તેમજ મેનેજીંગ ડિરેકટર તરીકે શૈલેષ સંઘાણીની દરખાસ્ત બેંકના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ કરી બધા જ બિનહરીફ જાહેર થયેલ છે. પી.પી. સોજીત્રાના નેતૃત્વમાં અમરેલી નાગરિક સહકારી બેંક સતત છેલ્લા ૨૦ વર્ષથી બિનહરીફ ચુંટણી થઈ રહેલ છે. જેમાં બેંકને સતત વિકાસ અને સભાસદોને ૧૫% ડિવીડન્ડ તેમજ ભેટ સાથે બેંકની ગ્રાહકલક્ષી સુવિધાઓમાં હંમેશા બેંક અગ્રેસર રહેલ છે તેમજ બેંકમાં થાપણદારોનો અતુટ વિશ્વાસ અને બેંકની ૧૦૦% રીકવરી સાથે બેંક છેલ્લા ૨૨ વર્ષથી નેટ NPA ૦% જાળવવામાં સફળ રહેલ છે. જે બેંકની સિધ્ધી કહી શકાય. બેંકની ઉત્તરોત્તર પ્રગતિ સાથે બેંકનું સુત્ર "આધુનિકતા, પ્રગતિ અને સિધ્ધી બની અમારી શાન", "સ્વચ્છ, સુંદર અને સરળ વહિવટ આપણી બેંક એટલે અમરેલી નાગરિક સહકારી બેંક લી." આ સુત્રને પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ સાર્થક કરેલ છે. એમ બેંકના મેનેજર દિલીપ ધોરાજીયાની યાદીમાં જણાવેલ છે.



નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 93273 61084

ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
- 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL



FREE B.M.D CAMP
હાડકામાં કેલ્શિયમની ફ્રી ચકાસણી કેમ્પ

સામાન્ય રીતે આ તપાસની ફી ૬૦૦-૭૦૦ રૂપિયા હોઈ છે પરંતુ આ કેમ્પમાં તદ્દન મફતમાં થશે.

શુ તમે કોઈ પણ પ્રકારના હાડકાંના દુખાવાથી પીડાવ છો ?
તો આપ ઓસ્ટીઓપોરોસીસ હાડકાનું પોલાણ/હાડકાનું બરડ થવુંથી પીડાય રહ્યા હોય શકો

કેમ્પ માં કોણ લાભ લઈ શકે ?
- જેની ઉંમર ૩૫ વર્ષથી વધારે હોય.
- હાડકા નબળા પડી ગયા હોઈ
- શરીરના કોઈ પણ સાંધાનો દુખાવો સતત રહેતો હોય
- આખા શરીરમાં હાડકાની કળતર થતી હોઈ
- ઘૂંટણમાં ઘસારો લાગતો હોય અને વારંવાર ફેક્ચર થતા હોય
- બેઠાડુ જીવન શૈલી ધરાવતા લોકો
- લાંબા સમય સુધી દવા લેતા દર્દીઓ

આ કેમ્પ દરમિયાન ઓર્થોપેડીક નિષ્ણાંત દ્વારા ફ્રી નિદાન અને તપાસ કરવામાં આવશે
તારીખ : ૨૧/૦૯/૨૦૨૩ ગુરુવાર
સમય : સવારે ૦૯:૦૦ થી ૧:૦૦



ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)
ઓર્થોપેડીક -જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન

વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629
99045 93355

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦


### એકી સાથે આઠ જેટલા દબાણકર્તાઓ વિરૂધ્ધ કાર્યવાહી

# અમરેલી શહેરમાં "સબભૂમિ ગોપાલ કી" સમજીને પાલિકાની જમીન ઉપર દબાણ કરનાર સામે લેન્ડગ્રેબિંગ સમિતિમાં ફરિયાદ

**પાલિકાની જમીનમાં પાકુ દબાણ કરનારાઓમાં ફફડાટ ફેલાયો**

અમરેલી, તા. ૧૧

ભાજપ શાસિત અમરેલી નગરપાલિકામાં ઐતિહાસિક નિર્ણય કરી શહેરમાં છેલ્લાં સત્તર વર્ષથી પાલિકાની કરોડો રૂપિયાની જમીન

**અનુસંધાન પાના ૬ ઉપર**

**કરોડો રૂપિયાની કિંમતી જમીન પરનું દબાણ ચલાવી નહી લેવાય**

## અમરેલી પાલિકાની જમીન ઉપર દબાણ કરનાર સામે થશે કાર્યવાહી : કા.ચે. સુરેશભાઈ શેખવા

**નદીકાંઠાથી લઈને લાયબ્રેરી ચોક સહિત તમામ પાકા દબાણકર્તા સામે કડક કાર્યવાહી થશે**

અમરેલી પાલિકાની કારોબારી સમિતિનાં ચેરમેન સુરેશભાઈ શેખવાએ પાલિકાની જમીન ઉપર દબાણ કરનાર તમામ દબાણકર્તાઓ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબ કાર્યવાહી કરવાની ચીમકી આપી છે.

તેઓએ જણાવેલ છે કે, ફુલારા ચોકથી ગઢની રાંગની સાતમી બારી અને ત્યાંથી મરીયમ મસ્જીદ સુધી તેમજ બાજીશાના દરવાજાથી સોમનાથ મંદિર તેમજ લાયબ્રેરી ચોક



સહિત જયાં પણ દબાણ હશે તેનાં વિરૂધ્ધ કાર્યવાહી કરાશે.





ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફોરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૭૨


# શ્રી બગસરા નાગરિક સહકારી બેંક લી. બગસરા

## વાર્ષિક સાધારણ સભાની નોટિસ

શ્રી બગસરા નાગરિક સહકારી બેંક લી. આથી બગસરાના તમામ સભાસદ ભાઈ–બહેનોને જાણ કરવામાં આવે છે કે આ સંસ્થાની વાર્ષિક સાધારણ સભા તા. ૧૭–૦૯–૨૦૨૩ રવિવારના રોજ નીચે દર્શાવેલ સ્થળ અને સમયે નીચેના કામો માટે મળશે. તો દરેક સભાસદશ્રીઓએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**તા. ૧૭–૦૯–૨૦૨૩, રવિવાર, સમય : સવારે ૯:૩૦ કલાકે**
**સ્થળ : શ્રી લેઉવા પટેલ સમાજ, ગોકુલપરા, બગસરા.**
**સ્થળ ફેરફારને આધીન**

**–:: કાર્યસુચી ::–**

(૧) ગત તા. ૧૦/૦૯/૨૦૨૨ ની વાર્ષિક સાધારણ સભાનું રોજકામ વંચાણે લઈ બહાર રાખવા બાબત.
(૨) તા. ૩૧/૦૩/૨૦૨૩ ના રોજ પુરા થયેલ વર્ષનું ઓડીટ થયેલ સરવૈયુ તથા નફા નુકશાનના હિસાબો મંજુર કરવા બાબત.
(૩) સને ૨૦૨૨/૨૩ ના વર્ષ દરમિયાન બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ધિરાણ–વસુલાત તથા વહીવટી કામગીરીને બહાલ રાખવા બાબત.
(૪) બોર્ડ ઓફ ડીરેકટર્સે સૂચવેલ ડીવીડન્ડ અને નફાની ફાળવણીને બહાલી આપવા બાબત.
(૫) સને ૨૦૨૩/૨૪ ના વર્ષ માટેના અંદાજીત બજેટને બહાલી આપવા બાબત.
(૬) સને ૨૦૨૨/૨૩ ઓડીટ રીપોર્ટ વંચાણે લઈ બહાલ આપવા બાબત.
(૭) બોર્ડ ઓફ ડીરેકટર્સના વસુલાત અંગેના નિર્ણયને બહાલ રાખવા બાબત.
(૮) સને ૨૦૨૩/૨૪ ના વર્ષ માટે કરજની હદ નકકી કરવા બાબત.
(૯) અધ્યક્ષ સ્થાનેથી અગર અધ્યક્ષની પૂર્વ મંજુરીથી જે રજુ થાય તે.

**બગસરા**
**તા. ૨૩/૦૬/૨૦૨૩**

**જગદીશકુમાર એ. માંગરોળીયા**
**ઈન્ચાર્જ મેનેજર**
**શ્રી બગસરા નાગરીક સહકારી બેંક લી.**

**નોંધ :–**
(૧) બેંકને લગતી માહિતી કે અન્ય કોઈ બાબતે સાધારણ સભાની તારીખના પાંચ દિવસ અગાઉ મેનેજરશ્રી સમક્ષ લેખિત રજુઆત કરવાની રહેશે.
(૨) સાધારણ સભામાં સભાસદો અને આમંત્રિતો સિવાય કોઈને હાજર રહેવા દેવામાં આવશે નહી અને રીપોર્ટ અથવા બેંકનું ઓળખ કાર્ડ સાથે લાવવું.
(૩) કાર્યસૂચી મુજબની બાબતો વા.સા. સભામાં રજુ થશે. અધ્યક્ષની મંજુરી વગર બીજી કોઈ બાબતો અંગે ચર્ચા થઈ શકશે નહી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)